# રાજ્યના ૧૧૧ તાલુકાઓમાં મેઘમહેર

## નવસારીમાં સૌથી વધુ પોણા છ ઈંચ વરસાદ પડ્યો : આજે પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડવાની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૧૧ તાલુકામાં મેઘમહેર થઈ છે. દક્ષિણ ગુજરાતમાં ફરી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે, આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૧૧ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. એક તાલુકામાં ૫ ઈંચથી વધારે, એક તાલુકામાં ૪ ઈંચથી વધારે, બે તાલુકામાં ૩ ઈંચથી વધારે, બે તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધારે અને ૯૧ તાલુકામાં એક ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાતના નવસારીના જલાલપોરમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. અહીં ૨૪ કલાકમાં ૫.૭૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

નવસારીમાં ૪.૮૦ ઈંચ, પારડીમાં ૩.૮૨ ઈંચ, પલસાણામાં ૩.૦૭ ઈંચ, ચીખલીમાં ૨.૪૮ ઈંચ, મહુવામાં ૨.૧૭ ઈંચ, નાનાપોંઢામાં ૧.૯૭ ઈંચ, કપરાડામાં ૧.૮૫ ઈંચ, સુરત શહેરમાં ૧.૭૩ ઈંચ, બારડોલીમાં ૧.૭૩ ઈંચ, ગણદેવીમાં ૧.૬૫ ઈંચ, ઉમરપાડામાં ૧.૫૪ ઈંચ, વાલોડમાં ૧.૫૦ ઈંચ, ઉમરગાવમાં ૧.૪૨ ઈંચ, વાપીમાં ૧.૩૮ ઈંચ, સિનોરમાં ૧.૧૪ ઈંચ, વ્યારામાં ૧.૧૦ ઈંચ, કામરેજમાં ૧.૦૬ ઈંચ, કાલાલમાં ૧.૦૬ ઈંચ, અંબિકામાં ૧.૦૨ ઈંચ, ધરમપુરમાં ૦.૯૮ ઈંચ, ખેરગામમાં ૦.૯૮ ઈંચ, ડોલવણમાં ૦.૯૮ ઈંચ, વલસાડમાં ૦.૯૮ ઈંચ, ચીખદામાં ૦.૯૪ ઈંચ, સાગબારામાં ૦.૯૧ ઈંચ, સોનગઢમાં ૦.૭૫ ઈંચ, માંગરોળમાં ૦.૭૧ ઈંચ, લીબડીમાં ૦.૭૧ ઈંચ, ઓલપાડમાં ૦.૬૭ ઈંચ, મેંદરડામાં ૦.૬૭ ઈંચ વરસાદ વરસ્યો હતો.હવામાન વિભાગ પ્રમાણે,આજે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા,સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીના કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, જામનગર, રાજકોટ, અમરેલી, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સારબકાંઠા, મહેસાણા, પાણટ, બનાસકાંઠા, વાવ થરાદમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, ૨૧ જુલાઈની આસપાસ બંગાળના ઉપસાગરમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ શકે છે. તેના પ્રભાવથી ૨૧થી ૨૫ જુલાઈ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા છે. તેમના અનુમાન મુજબ, મધ્ય ગુજરાતના અમદાવાદ, વડોદરા અને મહિસાગરમાં ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં સારા વરસાદની શક્યતા છે. સાબરકાંઠા અને અરવલ્લીમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ૨૬થી ૩૦ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદનું જોર વધશે, જેમાં કચ્છ, પોરબંદર અને દ્વારકામાં સારો વરસાદ પડી શકે છે, જ્યારે જામનગરમાં હળવાથી ભારે વરસાદની શક્યતા છે.

# અમદાવાદના બોપલ-ધુમા વિસ્તારમાં રાત્રીના દીપડો દેખાતા લોકોમાં ફફડાટ

## ધુમાના વીઆઈપી રોડ પર આવેલી સોસાયટી બહાર દીપડો દેખાતા વનવિભાગને જાણ કરાઈ

અમદાવાદ,

અમદાવાદના બોપલ-ધુમા જેવા પોશ રહેણાંક વિસ્તારમાં અચાનક દીપડો ઘૂસી આવતા સ્થાનિક લોકોમાં ભારે દહેશત અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. ધુમા વીઆઈપી રોડ પર આવેલી શરણદીપ સોસાયટીમાં દીપડાની એન્ટ્રીથી આ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, રવિવાર (૧૯મી જુલાઈ)ની મોડી રીત્રેએ રસ્તા પરથી પસાર થઈ રહેલા બે લોકોની નજર અચાનક એક દીપડા પર પડી હતી. સોસાયટી નજીક વન્યજીવને જોતા જ બંને લોકો ડઘાઈ ગયા હતા અને તેમણે તાત્કાલિક પોતાના પરિવારજનો તેમજ સોસાયટીના અન્ય રહીશોને આ અંગે સાવચેત કર્યા હતા.

રહીશોએ સાવચેતીના ભાગરૂપે સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં દીપડાની હિલચાલ સ્પષ્ટપણે જોવા મળી હતી. રહેણાંક વિસ્તારની અંદર જ દીપડો ફરી રહ્યો હોવાનું સામે આવતા જ સોસાયટીના સભ્યોએ બિલકુલ વિલંબ કર્યા વગર વનવિભાગને આ બાબતની જાણ કરી હતી.ઘટનાની જાણ થતાં જ વનવિભાગનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વનવિભાગના અધિકારીઓ હાલ સીસીટીવી ફૂટેજ તેમજ દીપડાના પગના નિશાન આધારે તે કઈ દિશામાં ગયો છે તેનું બારીકાઈથી વિશ્લેષણ કરી રહ્યા છે. દીપડો આગળ જઈને કોઈ અન્ય રહેણાંક વિસ્તારમાં પ્રવેશે નહીં કે કોઈ નાગરિક પર હુમલો ન કરે તે માટે આજુબાજુના તમામ વિસ્તારોમાં વનવિભાગ દ્વારા સઘન શોધખોળ ઝુંબેશ અને પાંજરું મૂકવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવક વધતા જળસપાટી ૧૨૭.૫૦ મીટરે પહોંચી

## ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં નર્મદા ડેમની જળસપાટીમાં થયો વધારો

અમદાવાદ,

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં ડેમની જળસપાટીમાં વધારો નોંધાયો છે. હાલ ડેમમાં ૧૬,૩૩૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જેના કારણે ડેમની જળસપાટી વધીને ૧૨૭.૫૦ મીટર પર પહોંચી છે. રાજ્યના ખેડૂતો, પીવાના પાણીની યોજનાઓ તેમજ વીજ ઉત્પાદન માટે આ સ્થિતિ લાભદાયી માનવામાં આવી રહી છે.

પાણીની આવકમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને નર્મદા ડેમના કેનાલ હેડ પાવર હાઉસ (CHPH)ના તમામ પાવર હાઉસ કાર્યરત કરવામાં આવ્યા છે. ડેમમાં ઉપલબ્ધ જળસંગ્રહના આધારે વીજ ઉત્પાદનની કામગીરી પણ નિયમિત રીતે ચાલી રહી છે.

સરદાર સરોવર નર્મદા ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર છે. આગામી દિવસોમાં ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહે તો ડેમની સપાટીમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યના ખેડૂતો, પીવાના પાણીની યોજનાઓ તેમજ વીજ ઉત્પાદન માટે આ સ્થિતિ લાભદાયી માનવામાં આવી રહી છે.

# અમદાવાદના રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ, ગેરકાયદે એકમ સીલ

## ઘટનામાં મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ,

શનિવારે અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી એક ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ આગની ઘટનામાં ૯ લોકોના મોત નીપજ્યા છે. ફટાકડા ફેક્ટરીમાં અચાનક થયેલ બ્લાસ્ટના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં વિસ્ફોટની તીવ્રતા એટલી તીવ્ર હતી કે આસપાસની ઓફિસો અને કેમેરાના કાચ પણ તૂટી ગયા હતા. આ હૃદયદ્રાવક ઘટના બાદ જાગેલા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ગેરકાયદેસર ચાલતા એકમોને સીલ કરી ફટાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઘટનામાં મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટના બાદ પત્રકાર પરિષદ કરી હતી. પોલીસ કમિશનરે જણાવ્યું કે, ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ પોલીસે મુખ્ય આરોપી ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા અને તેની માતા તેમજ પાર્ટનર સાદીક સૈયદની ધરપકડ કરી છે. આ બન્ને લોકો પણ બ્લાસ્ટ થયો તે દરમિયાન ઘટનાસ્થળે હાજર હતા અને તેમને પણ ઈજા પહોંચી હતી. લાઈસન્સ ના હોવાથી માર્ચમાં આ ફેક્ટરીને બંધ કરાવવામાં આવી હતી. લાઈસન્સ રિન્યુ ના હોય તેવા ૧૨ એકમોને પણ બંધ કરાવવામાં આવ્યા હતા. લાઈસન્સ રિન્યુ વગર જ ફટાકડાની ફેક્ટરી ચાલતી હતી.

આ ઘટના મામલે રામોલ પાસે આવેલી ફેક્ટરીમાં જ્યારે બ્લાસ્ટ થયો તે સમયના દ્રશ્યો નજીકની કંપનીના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેના કારણે નજીકની ઓફિસોના કાચ તૂટી ગયા હતા અને સીસીટીવી કેમેરાના કાચને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

દુર્ઘટનામાં ૯ લોકોના મોત બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), પોલીસ અને ફાયર વિભાગની સંયુક્ત ટીમ એક્શન મોડમાં આવી ગઈ છે. રામોલ અને વસ્ત્રાલ વિસ્તારમાં ખુલ્લા ખેતરમાં ગેરકાયદેસર રીતે ધમધમતા ૨ ફટાકડાના એકમોને તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યા છે.

# અમદાવાદમાં ફાયરવિભાગ નિયમ ભંગ બદલ દ્વારા ચાર એકમો સીલ કરાયા

## તમામ ઝોનમાં ૧૪૭ એકમોની તપાસ કર્યા બાદ ૩૦ એકમોને નોટિસ ફટકારી

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં દર વખતે કોઈ મોટી હોનારત થાય અને નિર્દોષ નાગરિકો જીવ ગુમાવે, ત્યાર પછી જ તંત્ર ઊંઘમાંથી જાગે છે તેવો જ ઘાટ ફરી એકવાર જોવા મળ્યો છે. રામોલ-વસ્ત્રાલ ગત્રાડ રોડ પર આવેલી ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભીષણ વિસ્ફોટ બાદ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફાયર વિભાગ સફાળું જાગ્યું છે. લોકરોષથી બચવા માટે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ શહેરના તમામ ૭ ઝોનમાં દોડધામ કરીને ૧૪૭ સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરતા ૩૦ એકમોને નોટિસ અને ૪ એકમોને સીલ કરવામાં આવ્યા છે.બીજી તરફ, તપાસમાં સામે આવ્યું છે કે આ જીવલેણ વિસ્ફોટ જે જગ્યા પર થયો હતો તે ફેક્ટરી ભાડાની જમીન પર ગેરકાયદેસર રીતે ધમધમી રહી હતી, જેથી આ હોનારત બાદ આબરૂ બચાવવા માટે જગ્યાના મૂળ માલિક દ્વારા તાબડતોબ બુલડોઝર ફેરવીને ગેરકાયદેસર માળખાને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ આકરી ઝુંબેશ આવતીકાલથી પણ ચાલુ રાખવામાં આવશે.

# ગુજરાતમાં અદાણી CNGના ભાવમાં પ્રતિ કિલો ૨નો વધારો ઝીંકાયો

અમદાવાદ,

સમગ્ર ગુજરાતમાં અદાણી સીએનજી ગેસમાં સીએનજીએ પ્રતિ કિલો ?૨નો વધારો ઝીંક્યો છે, જેના પગલે સીએનજીનો નવો ભાવ ?૯૦ પ્રતિ કિલો થયો છે. આ ભાવવધારો ખાસ કરીને મધ્યમ વર્ગ અને રિક્ષાચાલકો માટે નોંધપાત્ર આર્થિક બોજ વધારશે. છેલ્લા સાત મહિનામાં અદાણી સીએનજીના ભાવમાં કુલ ?૧૦નો વધારો થઈ ચૂક્યો છે, જે ઈંધણ ખર્ચમાં સતત વૃદ્ધિ દર્શાવે છે.

આ ભાવવધારાની સૌથી વધુ અસર રિક્ષાચાલકો પર પડશે. રિક્ષાચાલકો પોતાની રોજિંદી કમાણી માટે સીએનજી પર નિર્ભર હોય છે, પરંતુ ઈંધણના ભાવ વધે તેમ તેઓ પોતાના ભાડામાં વધારો કરી શકતા નથી. પરિણામે, તેમના નફાનું માર્જિન ઘટે છે અને તેમની આર્થિક સ્થિતિ કફોડી બને છે. આ ઉપરાંત, ખાનગી કાર માલિકો અને ટેક્સી ચાલકોને પણ માસિક ખર્ચમાં વધારો થવાનો સીધો અનુભવ થશે.

સીએનજીને સસ્તા અને પ્રદૂષણમુક્ત ઈંધણ તરીકે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સસ્તું ઈંધણ અને સારું ઈંધણ તરીકે તેની છબી હતી, જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ પેટ્રોલ-ડીઝલથી સીએનજી વાહનો તરફ સ્થળાંતર કર્યું હતું. સારી એવરેજ અને ઓછા ખર્ચના આકર્ષણને કારણે સીએનજી વાહનોની લોકપ્રિયતા વધી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી સીએનજીના ભાવમાં સતત અને ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે તેની સસ્તી ઈંધણ તરીકેની ઓળખ ભુંસાઈ રહી છે.

વર્તમાન ભાવવધારા બાદ સીએનજીનો ભાવ ?૯૦ પ્રતિ કિલો પહોંચ્યો છે, જ્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ ?૯૫ થી ?૯૭ અને કેટલાક વિસ્તારોમાં ?૧૦૦ની આસપાસ ચાલી રહ્યા છે. આનો અર્થ એ થયો કે સીએનજીના ભાવ હવે પરંપરાગત ઈંધણના ભાવની ખૂબ નજીક આવી ગયા છે, જેના કારણે સીએનજી વાપરવાનો મુખ્ય ફાયદો ઓછો થઈ રહ્યો છે.

મહત્વની વાત એ છે કે આ ભાવવધારો મુખ્યત્વે અદાણી સીએનજી દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાતમાં અન્ય સીએનજી પ્રદાતાઓ, જેમ કે ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ, તેમના ભાવ હજુ પણ અદાણી સીએનજી કરતા ઓછા છે. અમદાવાદ જિલ્લામાં ગુજરાત ગેસ અને સાબરમતી ગેસના પંપ પર સીએનજીનો ભાવ આશરે ?૮૪ થી ૮૫ પ્રતિ કિલો ચાલી રહ્યો છે.

# ગાંધીધામમાં નેપાળની યુવતીના શંકાસ્પદ મોત મામલે વિધર્મી પતિની ધરપકડ

ગાંધીધામ,

કચ્છ જિલ્લાના ગાંધીધામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં મૂળ નેપાળની વતની એવી એક યુવતીને ગાંધીધામના જ એક વિધર્મી યુવકે પોતાના પ્રેમની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ પ્રેમલગ્ન કરીને આ માસૂમ નેપાળી દીકરીને પત્ની તરીકે સાથે રાખ્યા બાદ, ઘાતકી પતિએ તેણીની નિર્મમ હત્યા કરી નાખી હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનામાં ભોગ બનનાર નેપાળી યુવતી લગ્ન બાદ તેના વિધર્મી પતિ સાથે ગાંધીધામમાં જ રહેતી હતી. જોકે, લગ્નના થોડા જ સમય બાદ પતિનો અસલી ચહેરો સામે આવ્યો હતો. આરોપી પતિ પત્ની પર લાંબા સમયથી અમાનુષી શારીરિક અને માનસિક અત્યાચાર ગુજારી રહ્યો હતો. ઘરગથ્થુ હિંસા અને સતત ટોર્ચરનો ભોગ બનેલી આ પરપ્રાંતીય યુવતીનો અંતે પતિએ જ ક્રૂરતાપૂર્વક જીવ લઈ લીધો હતો.

આ ચકચારી હત્યાકાંડની જાણ થતાં જ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. હત્યાના આ ગંભીર કેસમાં ત્વરિત એક્શન લેતા એ-ડિવિઝન પોલીસે આરોપી વિધર્મી પતિની સત્તાવાર અટકાયત (ધરપકડ) કરી લીધી છે. પોલીસે હત્યા અને લવ જેહાદના એન્ગલ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આ ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં સઘન તપાસ હાથ ધરી છે.

# ખેડૂતોને સબસિડી, વિદ્યાર્થીઓને સંશોધન માટે જીવંત પ્રયોગશાળા બન્યાં ઉદ્યાનો

ગાંધીનગર,

ગુજરાતમાં આયુર્વેદિક પરંપરા અને નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલીને પોષવા ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યના સાત સરકારી ઔષધીય ઉદ્યાનોમાંથી ૨.૭૫ લાખથી વધુ ઔષધીય રોપાનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે. બોર્ડ વ્યક્તિગત ઉપયોગ માટે ૧૦, શાળા-સંસ્થાઓને ૫૦ અને ખેડૂતો તથા જાહેર જમીન માટે ૫૦૦ સુધીના રોપા મફતમાં આપે છે. ગાંધીનગર ઉદ્યાનમાંથી ચંદનના રોપા માત્ર રૂ. ૨૦ના સબસિડાઈઝ્ડ દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના નેતૃત્વમાં કાર્યરત આ ઉદ્યાનો માત્ર રોપા ઉછેરના કેન્દ્રો જ નહીં, પરંતુ આયુર્વેદિક જ્ઞાનના કેન્દ્રો તરીકે પણ વિકસ્યાં છે. દર વર્ષે આશરે ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ, સંશોધકો અને આયુર્વેદના અભ્યાસીઓ અહીં મુલાકાત લઈ ઔષધીય વનસ્પતિઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરે છે.

૨૦૦૨માં 'ન નફો, ન નુકસાન'ના ધોરણે સ્થાપિત ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડનો મુખ્ય હેતુ આયુર્વેદિક ફાર્મસીઓ અને પરંપરાગત ઉપચાર પદ્ધતિ માટે ગુણવત્તાયુક્ત ઔષધીય વનસ્પતિ ઉપલબ્ધ કરાવવાનો છે. બોર્ડ ઘરેલુ ઉપચાર અંગે જાગૃતિ ફેલાવવાની સાથે ખેડૂતોને ઔષધીય પાકોની વ્યાપારી ખેતી માટે સબસિડી પણ આપે છે.

બોર્ડ દ્વારા બજારની માંગને ધ્યાનમાં રાખીને વધુ નફાકારક ઔષધીય પાકોની ઓળખ, જંગલોમાં ઔષધીય વનસ્પતિનો વિસ્તાર, એનજીઓના સહયોગથી હરિયાળી અભિયાન અને યુનિવર્સિટીઓ સાથે સંશોધન જેવા કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવે છે.

હાલમાં બોર્ડના સાત સરકારી ઉદ્યાનો ગાંધીનગર, વાંસદા (રૂપવેલ), ભુજ (નાની રેલડી), રાજપીપળા (જીતનગર), ઝાલોદ (વરોડ), પાલનપુર (વશી-દાંતા) અને આહવા-સાપુતારામાં કાર્યરત છે. અહીં તુલસી, ગળો, અરડૂસી, શતાવરી, અશ્વગંધા, બ્રાહ્મી, લીંડી પીપર અને હરડે સહિતની વિવિધ ઔષધીય વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવે છે અને તેનું સંશોધન તથા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

# દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં ખોરાક મળી રહે તે માટે સુરતના જંગલોમાં ૫૦ ચિત્તલ છોડવામાં આવ્યાં

## વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવા પ્રયાસ

સુરત,

દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં તેનો કુદરતી ખોરાક મળી રહે અને માણસો અને વન્યજીવન વચ્ચેનું ઘર્ષણ ઘટે તે ઉદ્દેશ્યથી સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં માંડવીનાં જંગલમાં તૃણાહારી પ્રાણીઓને છોડવામાં આવ્યાં છે.

ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી ૫૦ ચિત્તલ (સ્પોટેડ ડીયર) લાવીને સુરત જિલ્લાના માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એ છે કે, દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં કુદરતી શિકાર મળી રહે અને એ રીતે માનવ-વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ ઓછુ કરી શકાય.

વન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું કે, ચાલુ વર્ષનાં મે અને જૂન મહિનાની વચ્ચે ત્રણ તબક્કામાં ચિત્તલને સાસણથી લાવી માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યાં. વન વિભાગ દ્વારા ૨૩ મેના રોજ ૨૧ ચિત્તલ, ત્યારબાદ ૧૮ જૂને ૧૬ અને ૨૪ જૂને અન્ય ૧૩ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં. આમ કુલ, ૫૦ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં એ વાત પર ભાર મૂક્યો છે કે વન્યજીવ સંરક્ષણ અને વિકાસ બંને સાથે-સાથે ચાલી શકે છે, અને મનુષ્યો તેમજ વન્યજીવો બંને એકસાથે સમૃદ્ધ થવા જોઈએ. આ વિઝનથી પ્રેરિત થઈને, ગુજરાત સરકાર જૈવવિવિધતાના રક્ષણ સાથે માનવ-વન્યજીવના સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન આધારિત વન સંરક્ષણ પહેલો અમલમાં મૂકી રહી છે.

ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત વન વિભાગ માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે વિજ્ઞાન આધારિત વન્યજીવ સંરક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે. જંગલમાં વન્યપ્રાણીઓ જેવા કે દીપડા માટે કુદરતી શિકાર મળી રહે તે માટે આ પ્રયાસ થઈ રહ્યા છે. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થાનાંતરણ, યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવાના રાજ્યના લાંબા ગાળાના પ્રયાસોનો એક ભાગ છે."

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, "શિકારી પ્રાણીઓને જંગલમાં જ તેમનો ખોરાક મળી રહે તે જરૂરી છે. જેનાથી ખોરાકની શોધમાં તેઓ માનવ વસવાટવાળા વિસ્તારો તરફ આવતા ઘટે. તૃણાહારી પ્રાણીઓને જંગલમાં છોડવાનો પ્રયાસ એ માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને ઘટાડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે."

# કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના ટ્રેડ પ્રદર્શનમાં દેશભરમાંથી ૧૦૦થી વધુ સ્ટોલધારકો જોડાયા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬'ની મુલાકાત લીધી હતી.



શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને દેશભરમાંથી આવેલા પ્રદર્શકો, ઉત્પાદકો અને ઉદ્યોગસાહસિકો પાસેથી તેમના ઉત્પાદનો વિશેની જાણકારી મેળવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ મેગા ટ્રેડ એક્ઝિબિશનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના આશરે ૧૦૦થી પણ વધારે અગ્રણી ઉત્પાદકો જોડાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનમાં રજૂ કરાયેલી નવીન પ્રોડક્ટ્સ અને હોમ એપ્લાયન્સિસ ક્ષેત્રે થઈ રહેલાં આધુનિક સંશોધનોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું તેમજ વૈશ્વિક પ્રવાહોથી અવગત થયા હતા.

આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ ભારતના સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગને મજબૂત, સ્માર્ટ અને આત્મનિર્ભર બનાવી એક વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે. જેમાં ઈનોવેશન, ગ્રીન સ્ટીલ ટેકનોલોજી, સ્જીસઈને સમર્થન, નિકાસમાં વૃદ્ધિ અને રોજગાર સર્જન જેવાં મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તા. ૨૦ જુલાઈ સુધી યોજાનારા આ ચાર દિવસીય પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. જેના પરિણામે દેશભરના ટ્રેડ વિઝિટર્સ દ્વારા મોટા પાયે બલ્ક ઓર્ડર અને બિઝનેસ નેટવર્કિંગની તકો સર્જાઈ છે.

# વિદેશી દારૂના દરોડામાં 13 લાખના મુદ્દામાલ સાથે બે શખ્સો ઝડપાયા

## સ્વીફ્ટ કારમાં પાયલોટીંગ કરી વિદેશી દારૂ ઘુસાડવાનો કારસો નિષ્ફળ બનાવતી એલસીબી











તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૦

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક સફળ ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બે ઈસમોને ઝડપી લીધા છે. પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારી અને પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના હેઠળ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા LCBની ટીમ ભાવનગર શહેરમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, અગાઉ દારૂના ગુનામાં પકડાયેલ કિશન મકવાણા સ્વીફ્ટ કાર GJ-04-EJ-0982 દ્વારા પાયલોટીંગ કરી રહ્યો છે અને તેની પાછળ "જય ભવાની" લખેલા અશોક લેલન ટ્રકમાં પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનો જથ્થો મોતી તળાવ રોડ તરફ લાવી રહ્યો છે.

આ બાતમીના આધારે મોતી તળાવ, મોગલમાતાના મંદિર પાસે વોચ ગોઠવી પોલીસે બંને વાહનો અટકાવ્યા હતા. તપાસ દરમિયાન ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨ લીટરની કંપની સીલપેક ૧૦૨ બોટલો કિંમત રૂ.૧,૭૬,૫૪૫ મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સહિત રૂ.૮ લાખનો ટ્રક, રૂ.૩ લાખની સ્વીફ્ટ કાર અને ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૩,૦૬,૫૪૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ કેસમાં શિહોર તાલુકાના ખારી ગામના કિશન માડણભાઈ મકવાણા (ઉં.૨૮) અને ટાણા ગામના સુનીલ લાભુભાઈ મકવાણા (ઉં.૨૫)ની ધરપકડ કરી બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે. મુખ્ય આરોપી કિશન મકવાણા વિરૂદ્ધ અગાઉ શિહોર અને ધોલેરા પોલીસ સ્ટેશનમાં પણ દારૂના ગુના નોંધાયેલા છે.

આ સરાહનીય કામગીરી ન્ઝમ પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ્પેક્ટર આર. એ. વાઢેર, પી.ડી. ઝાલા, વી.સી. જાડેજા તથા સ્ટાફના વનરાજભાઈ ખુમાણ, કેવલભાઈ સાંગા, ઉમેશભાઈ હુંબલ, માનદિપસિંહ ગોહીલ, જયદિપસિંહ ગોહીલ અને જયપાલસિંહ ગોહીલ દ્વારા કરવામાં આવી હતી.

# ભાવનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે આવતીકાલે યોજાશે ભરતીમેળો

### ખાનગી ક્ષેત્રની ૩ કંપનીઓ વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરશે

ભાવનગર,તા.૨૦

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા તા. ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એફ-૪/૬, એનેક્સી બિલ્ડિંગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રની અંદાજિત ૩ કંપનીઓ દ્વારા સુપરવાઈઝર, કસ્ટમર સર્વિસ એન્જિનિયર, ડિઝાઈન એન્જિનિયર, પ્રોડક્શન એન્જિનિયર, ક્યુ.સી. એન્જિનિયર, એકાઉન્ટ આસિસ્ટન્ટ, સેલ્સ બેંક ઓફિસર, સેલ્સ પર્સન, એડવાઈઝર સહિતની વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ભરતીમેળામાં બી.ઈ. (મિકેનિકલ, પ્રોડક્શન, ઈલેક્ટ્રિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન), એમ.કોમ., એમ.બી.એ., એમ.એ., એમ.એસ.ડબલ્યુ., બી.કોમ., બી.એ., બી.બી.એ., ડિપ્લોમા (મિકેનિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, પ્રોડક્શન), આઈ.ટી.આઈ. તેમજ ધોરણ-૧૨ પાસ શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે.

રસ ધરાવતા ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, ભાવનગર ખાતે ભરતીમેળાના દિવસે સ્વખર્ચે રૂબરૂ હાજર રહી ઈન્ટરવ્યૂમાં ભાગ લેવા તેમજ પોતાની રિઝ્યુમેની ૪ નકલો સાથે લાવવાની રહેશે.

# મહુવા-સોમનાથ હાઈવે પર બે બાઈક અથડાતા યુવકનું ઘટના સ્થળે મોત

### ગણપતિ મંદિર નજીક બે મોટરસાઈકલ સામ સામે ભટકાયા; એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ

ભાવનગર,તા.૨૦

મહુવા-સોમનાથ નેશનલ હાઈવે પર ગણપતિ મંદિર નજીક બે પૂરપાટ ઝડપે આવી રહેલી મોટરસાઈકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ સામસામે થયેલી જોરદાર ટક્કરમાં બંને બાઈક સવારો રોડ પર ફંગોળાયા હતા. દુર્ઘટનામાં મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અહીં પૂજા-અર્ચનાનું કામ કરતા ૩૩ વર્ષીય ગોપાલભાઈ બુસાભાઈ ડામોરનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળે છે. અકસ્માતના પગલે હાઈવે પર લોકોના ટોળા એકઠા થતા ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રેમલગ્ન કરનાર દંપતીને જાનથી મારી નાખવાની ધમકી: પિતા-ભાઈઓ સહિત ચાર સામે ફરિયાદ

### પરિવારની મરજી વિરૂદ્ધ લગ્ન કરતા યુવતીના પિયરપક્ષે ઘર પાસે આવી આપી ધમકી; બોરતળાવ પોલીસ મથકે ગુનો દાખલ

ભાવનગર,તા.૨૦

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં માઢીયા રોડ પર પિયર ધરાવતી ૧૯ વર્ષીય સમાબેને પરિવારની મરજી વિરુદ્ધ મીહીરભાઈ શાહ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. છેલ્લા પાંચ વર્ષથી એકબીજાના પ્રેમમાં રહેલા આ યુગલે બે મહિના પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા, કારણ કે યુવતીના પિતા આ લગ્ન માટે રાજી ન હતા. હાલ આ નવદંપતી ભાવનગરની અમર સોસાયટીમાં ભાડેથી રહે છે. જોકે, આ પ્રેમલગ્નથી નારાજ પિયરપક્ષના સભ્યોએ યુવતી અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આશરે પંદરેક દિવસ પહેલાં યુવતીના પિતા ગફાર બાવદિનભાઈ ભટ્ટી, મોટાબાપુ રજાક બાવદિન ભટ્ટી અને બે ભાઈઓ (અફઝલ ફિરોઝભાઈ ભટ્ટી તથા અરબાઝ ઈકબાલભાઈ ભટ્ટી) તેમના ઘર પાસેથી પૂરઝડપે ગાડી લઈને નીકળ્યા હતા. તે દરમિયાન ઘરની બહાર અપશબ્દો બોલીને ધમકી આપી હતી કે, "તું ઘરની બહાર નીકળીશ એટલે તને અને તારા પતિને જીવતા રહેવા દેવાના નથી." આ બનાવ અંગે પરિણીતા સમાબેને પિતા, મોટાબાપુ અને બંને ભાઈઓ સહિત કુલ ચાર વ્યક્તિઓ વિરુદ્ધ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ન્ઝજી ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# હત્યાના ગુનાના ચાર આરોપીને ફરી જેલ ભેગા કરવા કોર્ટનો આદેશ: જામીન રદ કરાવતી પોલીસ

### જામીન પર મુક્ત થયા બાદ શરતોનો ભંગ કરી ફરી ગંભીર ગુના આચરતા કોર્ટે કસ્ટડીમાં લેવા વોરંટ ઈસ્યુ કર્યું

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં ગુનેગારી પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક ડૉ. નીતેશ પાંડેયની સૂચનાથી ઘોઘારોડ પોલીસ ટીમે એક મહત્વપૂર્ણ કાનૂની કાર્યવાહી કરી છે. સને ૨૦૨૪ ના વર્ષમાં દિવાળીના દિવસે બનેલા મર્ડરના ગુનામાં સંડોવાયેલા અને હાલ જામીન પર છૂટેલા ૪ આરોપીઓએ શરતોનો ભંગ કરી ફરીથી શરીર સંબંધી ગંભીર ગુનાઓ આચરતા ઘોઘારોડ પોલીસે તેમના જામીન રદ કરાવ્યા છે.

મર્ડરના ગુનાના કામે સેશન્સ કોર્ટ ભાવનગર દ્વારા આરોપીઓ અનિલસિંહ ઉર્ફ લાલો છત્રી પ્રવિણસિંહ ડાભી (ઉ.વ.૩૧), દેવ ઉર્ફ અગુ લાલાભાઈ ચુડાસમા (ઉ.વ.૧૯), પ્રકાશ ઉર્ફ પકો રાજુભાઈ ખોખર (ઉ.વ.૨૬) અને હિતેશ બટુકભાઈ ડાભી (ઉ.વ.૨૬) (તમામ રહે. યોગીનગર, એરપોર્ટ રોડ, ભાવનગર)ને જામીન આપતી વખતે ગુનાહિત પ્રવૃત્તિમાં ન જોડાવા અને ભાવનગર શહેરમાં પ્રવેશ ન કરવા સહિતની શરતો ફરમાવી હતી.

તેમ છતાં, આ આરોપીઓએ કોર્ટની શરતોનું પાલન ન કરીને ગત તારીખ ૧૦/૦૬/૨૦૨૬ અને ૧૧/૦૬/૨૦૨૬ના રોજ ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ બે નવા ગંભીર ગુનાઓ આચર્યા હતા.

આથી, સીટી નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંઘાલના માર્ગદર્શન હેઠળ ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એન. દેસાઈએ આરોપીઓના જામીન રદ કરાવવા સરકારી વકીલને વિગતવાર રિપોર્ટ કર્યો હતો. મુખ્ય સરકારી વકીલ મનોજભાઈ જોષીની આગેવાનીમાં સરકારી વકીલ સી.એમ. પરમાર દ્વારા કરવામાં આવેલી ધારદાર રજૂઆતોને ગ્રાહ્ય રાખી ભાવનગરના ચોથા એડિશનલ સેશન્સ જજે ચારેય આરોપીઓના જામીન રદ કરી તેમને ફરીવાર જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવા માટે વોરંટ ઈસ્યુ કર્યું છે.

# ઈસ્કોન ક્લબથી કાળિયાબીડ સુધીના માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થાપન સુધારવા તંત્રનું આયોજન

### ભાવનગરમાં રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં અકસ્માતો અટકાવવા અને માર્ગ સલામતી સુદૃઢ કરવા સંબંધિત વિભાગોને અપાયા નિર્દેશો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં માર્ગ સલામતીને વધુ સુદૃઢ બનાવવા અને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે વિવિધ પ્રશ્નોની ગંભીર સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે અગાઉની બેઠકોમાં આપવામાં આવેલી સૂચનાઓ પર થયેલી કામગીરીના અહેવાલની ઝીણવટભરી તપાસ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

બેઠકમાં ખાસ કરીને ભાવનગર શહેરના શિવાજી સર્કલને 'સ્કૂલ ઝોન' તરીકે વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર ચોમાસાની ઋતુ દરમિયાન રખડતા પશુઓના કારણે થતા જીવલેણ અકસ્માતો અટકાવવા માટે સમયસર અને અસરકારક પગલાં લેવા તાકીદ કરવામાં આવી હતી.

માર્ગોના આયોજન અંગે ચર્ચા કરતા વલ્લભીપુર-ભાવનગર રોડ પર ચોગઠ ચોકડી બાદ અને સીતારામ પેટ્રોલિયમ નજીકના બ્રિજ કોરિડોરમાં સલામતીના કામો હાથ ધરવા જણાવાયું હતું. તેમજ વલ્લભીપુર-નવાગામ માર્ગ પર લીમડા અને લખાણકા ગામ તરફ જતા 'રૂ' જંક્શનનો સલામતીલક્ષી વિકાસ કરવા અને તળાજા-મહુવા નેશનલ હાઈવે પર બનેલા અનધિકૃત મીડિયન કટ તાકીદે દૂર કરવા સૂચના અપાઈ હતી.

શહેરમાં ટ્રાફિક સમસ્યા નિવારવા માટે ઈસ્કોન ક્લબથી કાળિયાબીડ સુધીના માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થાપન સુધારવા વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ સાથે કેન્દ્ર સરકારની ૨ રાહત યોજના અને રાહવીર યોજનાના અમલીકરણ તેમજ ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સ અંતર્ગત વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધી જવાબદારીઓ નક્કી કરવામાં આવી હતી. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (આર.ટી.ઓ.) આર.પી. દાણીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જિલ્લાની માર્ગ સલામતી કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.

# સિહોરમાં પિતાએ બાઈક આપવાની ના પાડતા યુવકનો ગળાફાંસો

ભાવનગર,તા.૨૦

સિહોરની એકતા સોસાયટી વિસ્તારમાં સરકારી ગોડાઉન પાછળ એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં રહેતા ૨૦ વર્ષીય કિશનભાઈ રમેશભાઈ વાઘેલાને ઉમરાળા ગામે પોતાની બહેનના ઘરે જવું હોવાથી તેમણે પિતા પાસે મોટર સાઈકલની માંગણી કરી હતી. જોકે, કિશનભાઈ પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવાને કારણે પિતાએ ફોન પર તેમને બાઈક લઈને જવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

પિતાએ કાયદાકીય સલામતી માટે પાડેલી આ ના કિશનભાઈને મનમાં લાગી આવી હતી. ક્ષણિક આવેશમાં આવી ગયેલા યુવકે પોતાના જ રહેણાંકી મકાનમાં ગળાફાંસો ખાઈ લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે સિહોર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# 'નેત્રમ' કંટ્રોલ રૂમની સતર્કતા: રિક્ષામાં ભૂલાયેલી બે બેગ ગણતરીના કલાકોમાં શોધી કઢાઈ

### CCTV કેમેરાની મદદથી પોલીસે રિક્ષાચાલકોને શોધી અરજદારોને સામાન પરત અપાવ્યો

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરમાં 'VISWAS' પ્રોજેક્ટ હેઠળ કાર્યરત CCTV કેમેરા અને 'નેત્રમ' કંટ્રોલ રૂમની સતર્ક કામગીરીથી રિક્ષામાં ભૂલાઈ ગયેલી બે બેગ ગણતરીના કલાકોમાં શોધી અરજદારોને પરત અપાઈ છે. એડવાન્સ ટેક્નોલોજીના ઉપયોગથી નાગરિકોને ઝડપી સહાય પૂરી પાડવામાં ભાવનગર પોલીસને વધુ એક સફળતા મળી છે.

પ્રથમ બનાવમાં ૧૭ જુલાઈએ ચિત્રાથી શિવાજી સર્કલ સુધી મુસાફરી દરમિયાન એક અરજદાર ચાંદીના છડા અને સામાન સહિત રૂ.૬ હજારની કિંમતની બેગ રિક્ષામાં ભૂલી ગયા હતા. નેત્રમની ટીમે શિવાજી સર્કલ અને મોખડાજી સર્કલના CCTV ફૂટેજ તપાસી રિક્ષા નંબર ટ્રેસ કરી સામાન પરત અપાવ્યો હતો.

બીજા બનાવમાં ૧૮ જુલાઈએ આંબાવાડીથી તખ્તેશ્વર મહાદેવ પ્લોટ સુધી મુસાફરી કરતો એક વિદ્યાર્થી કોલેજના દસ્તાવેજો અને પુસ્તકો ભરેલી બેગ રિક્ષામાં ભૂલી ગયો હતો. નેત્રમની ટીમે આંબાવાડી અને ઘોઘા સર્કલના CCTV ફૂટેજના આધારે રિક્ષા ઓળખી કાઢી વિદ્યાર્થીને તેની બેગ સુરક્ષિત પરત અપાવી હતી.


# ૨૧ વર્ષ પહેલા રજૂ થયેલ પારિવારિક ગુજરાતી ચલચિત્ર મેં તો પાલવડે બાંધી પ્રિત રિ-રીલીઝ

### અભિનેતા હિતેનકુમાર નિર્માતા દિગ્દર્શક જશવંત ગાંગાણી ગાયક સંગીતકાર અરવિંદ બારોટ અને દિનેશ લાંબા સહિતની હાજરીમાં પત્રકાર પરિષદ યોજાઈ

ભાવનગર તા.૧૯

ગુજરાતી ચલચિત્ર ક્ષેત્રે જેને ઓળખ આપવાની જરૂર જ ન પડે એવાં અને પારિવારિક ગુજરાતી ફિલ્મોના નિર્માતા કે જેમણે ગુજ્જુ સિને રસિકોના દિલો પર રાજ કર્યું છે એવાં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના હબુકવડ ગામના વતની જશવંત ગાંગાણી તથા તેમની ટીમ દ્વારા આજથી ૨૧ વર્ષ પહેલા રજૂ કરેલી "મેં તો પાલવડે બાંધી પ્રિત" નામની સુંદર ફિલ્મ ફરી રીલિઝ કરી છે આ ફિલ્મ રિલીઝ થતાં જ ગુજરાતી દર્શકો પર છવાઈ ગઈ છે.

મૈયરમા મનડું નથી લાગતું માંડવડા રોપાવો માણારાજ રૂદિયે રંગાણા તમે સાજણા સહિત અનેક સુપરહિટ ગુજરાતી ફિલ્મો આપનાર ફિલ્મ નિર્માતા જશવંત ગાંગાણીના જણાવ્યા મુજબ, આજની નવી પેઢી અત્યાર સુધી આ ફિલ્મ વિશે માત્ર સાંભળતી આવી છે, પરંતુ હવે તેમને મોટા પડદા પર આ ક્લાસિક પ્રેમકથાનો અનુભવ કરવાનો અવસર મળશે. આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ફિલ્મની દૃશ્ય અને શ્રાવ્ય ગુણવત્તા આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ



બનાવવામાં આવી છે, જેથી જૂના દર્શકો માટે યાદો તાજી થશે તો નવા દર્શકો માટે આ ફિલ્મ એક અનોખો સિનેમેટિક અનુભવ બની રહેશે.તથા તેમની ટીમ સ્વચ્છ પારિવારિક ફિલ્મ થકી ગુજરાતી સિને રસિકોના દિલો પર રાજ કરવા ફરી તૈયાર થયા છે

હિતેન કુમારે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ગુજરાતી સિનેમાના સુવર્ણ યુગની સાક્ષી બનેલી 'મેં તો પાલવડે બાંધી પ્રીત' ફરી એકવાર આજની યુવા પેઢીના દર્શકોના દિલ જીતી લશે આ રિ-રિલીઝ ગુજરાતી ફિલ્મપ્રેમીઓ માટે માત્ર ફિલ્મ નહીં,પરંતુ લાગણીઓ અને યાદોને ફરી જીવંત કરવાની એક વિશેષ તક બની રહેશે.આ પ્રસંગે હિતેન કુમારની સાથે નિર્માતા દિગર્શક જસવંત ગાંગાણી ,ગાયક સંગીતકાર અરવિંદ બારોટ,દિનેશ લાંબા સહિત ઉપસ્થિત રહિયા હતા.

# 'શ્રીનાથજી ગ્રાઉન્ડનટ ઓઈલ' સબ સ્ટાન્ડર્ડ નીકળતા દંડનીય કાર્યવાહી

### તેલ ઉત્પાદક, ડીલર અને રેસ્ટોરન્ટ માલિક સહિત ત્રણેયને રૂ. ૭૦,૦૦૦નો દંડ

ભાવનગર,તા.૨૦

શહેરની એક રેસ્ટોરન્ટ એન્ડ પાર્ટી પ્લોટમાં રસોઈ માટે વપરાતું 'શ્રીનાથજી ગ્રાઉન્ડનટ ઓઈલ' (સિંગતેલ) તપાસમાં ફેઈલ ગયું છે. ફૂડ વિભાગની ટીમે ગત ૨૧ મે ૨૦૨૫ના રોજ આકસ્મિક ચેકિંગ કરીને તેલના નમૂના લીધા હતા, જેને પૃથ્થકરણ માટે વડોદરાની સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. લેબ રિપોર્ટમાં આ સિંગતેલ નિર્ધારિત માપદંડો મુજબનું ન હોવાનું એટલે કે 'સબ-સ્ટાન્ડર્ડ' (હલકી ગુણવત્તાનું) જાહેર થયું હતું.

આ ગંભીર બેદરકારી સામે ફૂડ સેફ્ટી ઓફિસર દેવાંગ જોશીએ એડ્ઝૂડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરની અદાલતમાં કાયદેસરનો કેસ દાખલ કર્યો હતો. કેસની સુનાવણી બાદ અધિક કલેક્ટર એન. ડી. ગોવાણીએ ૧૯ મે ૨૦૨૬ના રોજ એક મહત્વપૂર્ણ ચુકાદો આપતાં જવાબદાર તમામ પક્ષોને કુલ રૂપિયા ૭૦,૦૦૦નો આકરો દંડ ફટકાર્યો છે. જેમાં ગોરાશ રેસ્ટોરન્ટના સંચાલક સોહનભાઈ ડોડીયાને રૂ. ૧૦,૦૦૦, તેલ સપ્લાય કરનાર સુરેશ તન્નાને રૂ. ૧૦,૦૦૦ અને હલકી ગુણવત્તાનું તેલ બનાવનાર 'શ્રીનાથજી ઈન્ડસ્ટ્રીઝ'ના યતિનભાઈને રૂ. ૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ફૂડ વિભાગની આ કડક કાર્યવાહીથી ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# સૌરાષ્ટ્ર આસપાસ

## સંસદના ચોમાસુ સત્રમાં સરકારની આકરી પરીક્ષા

વર્તમાન રાજકારણમાં નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે ત્યારે સંસદના ચોમાસુ સત્રમાં સરકારને ભિડવવા માટે તમામ વિપક્ષો એક થઈ રહ્યા છે. એટલે આ સત્ર તોફાની બની રહે તેવી શક્યતાઓ વધતી જાય છે.ભારતીય લોકશાહીનું હૃદય ગણાતી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતાં આ સત્ર માત્ર કાયદાકીય પ્રક્રિયા પૂરતું સીમિત નહીં રહે, પરંતુ સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેના એક મોટા રાજકીય સંગ્રામનું મેદાન બનવા જઈ રહ્યું છે. દેશમાં આર્થિક પડકારો, આંતરિક રાજકીય ખેંચતાણ અને આગામી સમયના દૂરગામી કાયદાઓને લઈને સંસદની અંદર ગરમાવો જોવા મળી રહ્યો છે. આ લેટેસ્ટ રાજકીય ઘટનાક્રમ વચ્ચે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, સરકારના આક્રમક વલણ સામે વિપક્ષી ગઠબંધન પોતાની કઈ વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરી રહ્યું છે?

આ સત્રમાં સરકાર તરફથી કેટલાક અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ બિલ રજૂ થવાની સંભાવના છે. તેમાં આવકવેરા (સુધારો) ખરડો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવા અંગેનું બિલ અને રાષ્ટ્રીય સન્માનને લગતા કાયદાઓનો સમાવેશ થાય છે. આ સિવાય, સૌથી વધુ ચર્ચામાં રહેલું ૧૩૧મું બંધારણીય સુધારો બિલ (ડીલિમિટેશન અથવા સીમાંકન બિલ) પણ રાજકારણના કેન્દ્રમાં છે, જેનાથી લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ સુધી કરવાની જોગવાઈ છે. સત્તાધારી એનડીએ ગઠબંધન પોતાની બહુમતીના જોરે આ બિલો પસાર કરાવવા માટે મક્કમ દેખાઈ રહ્યું છે, જ્યારે વિપક્ષ આ આખી પ્રક્રિયાને લોકશાહીના માળખા પરનો પ્રહાર ગણાવી રહ્યો છે.આ સંસદીય સત્રમાં વિપક્ષી ગઠબંધન (INDIA બ્લોક) એક બદલાયેલી અને વધુ સુઆયોજિત વ્યૂહરચના સાથે આગળ વધી રહ્યું છે. વિપક્ષની આ વ્યૂહરચના મુખ્યત્વે ત્રણ સ્તંભો પર આધારિત જોવા મળે છે:વિપક્ષે આ વખતે માત્ર પક્ષીય રાજકારણ કરવાને બદલે સામાન્ય જનતાને સ્પર્શતા મુદ્દાઓ પર સરકારને ઘેરવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં દેશની નકારાત્મક આર્થિક સ્થિતિ, નવી રોજગારીની તકોનો અભાવ અને મોંઘવારી જેવા વિષયોને ગૃહમાં જોરશોરથી ઉઠાવવામાં આવશે. વિપક્ષનો દાવો છે કે સરકાર વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવા માટે ભાવનાત્મક અને વિભાજનકારી કાયદાઓ લાવી રહી છે. ૧૩૧માં બંધારણીય સુધારા બિલ સામે વિપક્ષે મોરચો માંડ્યો છે. વિપક્ષની વ્યૂહરચના એ છે કે આ બિલના દક્ષિણ ભારતના રાજ્યો પર પડનારા નકારાત્મક પ્રભાવને દેશ સામે લાવવો. વિપક્ષનું માનવું છે કે વસ્તીના આધારે બેઠકો વધારવાથી જે રાજ્યોએ વસ્તી નિયંત્રણમાં સારું કામ કર્યું છે તેમને નુકસાન થશે અને સંસદમાં રાજ્યોનું સંતુલન બગડશે. આ મુદ્દે વિપક્ષ તમામ પ્રાદેશિક પક્ષોને સાથે રાખીને સંસદની અંદર અને બહાર મોટો વિરોધ પ્રદર્શન કરવાની તૈયારીમાં છે. તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને શિવસેના (UBT) જેવા પક્ષોમાં આંતરિક ખેંચતાણ અને પક્ષપલટાના જે સમાચારો આવ્યા છે, તેનાથી ગઠબંધનની એકતા સામે સવાલો ઉભા થયા હતા.

# વૃદ્ધાશ્રમનાં સામાજીક સ્વીકાર પછી તીર્થસ્થાનોમાં સંથારાભવનનું નિર્માણ અનિવાર્ય

**વિકાસ અને વિકલ્પ**

**-ડૉ. નાનક ભટ્ટ**

ભારત નાં અધ્યાત્મ નક્ષત્રનું તેજોમય વ્યક્તિત્વ ગુરૂ ગોરખનાથે આજથી ૯૫૦ વર્ષ પહેલા ગાયુ 'મરો વૈ જોગી મરો. મરણ હે મીઠા તિસ મરણ મરો જીસ મરણી ગોરખ મરી દિઠા'' '". કુરૂક્ષેત્ર ની ભૂમી ઉપર કર્તવ્યથી હારી વિષાદે ગાંડીવ છોડી દેનાર અર્જુન ને ભગવાન કૃષ્ણ કહે છે. “હે અર્જુન જેમનાં પ્રાણ જતા રહ્યા છે. તેમના માટે કે જેમના પ્રાણ નથી ગયા તે (શરીર) માટે જ્ઞાનીજન શોક કરતા નથી'' (૨.૧૧) યોગેશ્વર કહે છે. ''અવિનાશ નો વિનાશ કરવા કોઈ સમર્થ નથી'' (૨.૧૭) 'આત્મા જ નિત્ય શાશ્વત અને પુરાતન છે. શરીર ના હણવા છતાં તે હણાતો નથી (૨.૨૦)

જન્મેલા નું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલા નો (પુનઃ) જન્મ નિશ્ચિત છે (૨.૨૭) આમ છતાં મોહવશ વૃદ્ધ શરીર જુના વસ્ત્રો છોડવા રાજી નથી હોતું. પ્રગટ સંસાર હોશે હોશે અને સમજદારી થી ત્યજી દેવા માણસ સહજ બની શકતો નથી તેથી જ તો કબીર સાહેબ દહોરાવે છે 'ભલા હુઆ મેરી મટકી ફુટીરે. મે પનીયા ભરન સે છુટીરે'' પ્રત્યેક ઉચ્છશ્વાસે એક પળ નજીક આવતા મૃત્યુ વિષયે રૂષિ જબાલ શિષ્યોને કરે છે 'મનુષ્ય અવતાર પુણ્યનું પ્રાગટ્ય છે તો દેહનો વિલય ઉત્સવ છે" જબાલ ઉપનિષદ નું દર્શન કહે છે કે અહંકાર, આશક્તિ અને મોહના ત્યાગથી વ્યક્તિ મૃત્યુનાં ભય થી ઉપર ચડી અભયને પામે છે. (૧.૭)

જીવનને સમગ્રતા થી સમજતા ભારતીય મનોદર્શનમાં શિર-મોર ઈશ ઉપનિષદ કહે છે 'અવિદ્યા મૃત્યુમ તીર્થવા વિદ્યાયા અમૃતમ અભૂતે'' અર્થાત અવિદ્યા (ભૌતિક જીવન) થી મૃત્યુ સુધી પહોચી શકાય છે. પરંતુ વિદ્યા (જ્ઞાન) ની સાધના અમૃત પ્રાપ્તિ બને છે.

જોકે પોતાને આધુનિક ગણાવતો ૨૧ મી સદી નો માણસ સાંસારિક જીવન નો મોહ છોડી શક્તો નથી ત્યારે ન્યુજર્સી થી લેખક બિલ પર્કિન્સ તેના પુસ્તક 'ડાઈ વિય ઝીરો' પુસ્તક માં એક નવો રાહ દુનિયા પાસે મુકી વડિલો ને હકારાત્મક જીવન અભિગમ માટે પ્રેરી રહ્યા છે. લેખક ૬ દશક વટાવી ગયેલા સિનિયર સીટીજન ને જણાવે છે કે “જીવન ને આખર સુધી બચાવો નહી આખર સુધી મ્હાણો બેંક બેલેંસ નહી, સુખદાઈ યાદો માં વધારો કરો'' વધુ પૈસા થી અમિરી વધે છે તે સમીકરણ ને ૮૦-૮૫ વર્ષ ની આંખે જોયા પછી લેખક કહે છે 'દોઢ-બે મિટર જમીન માં ખાલી હાથે દટાઈ જનાર-બળી જનાર માટેતો સમૃદ્ધ સસ્મરણોનો ખજાનો અમિરી છે.' બીલ જણાવે છે કે વ્યક્તિની ઉંમર ૫૦ ને આંબીજાય તે પછીનો સમય આનંદ ક્ષમતાનાં વધારા માટે જ છે. જોકે શહેરી મનોવૃત્તી 'આજે કમાણી કાલે જીવન' તરફી રહી છે જેને પડકારતા લેખક ૨૭૦૦ વૃદ્ધોનાં અંતિમ અનુભવ સાથે જોડી મહાન પશ્ચયાતાપ પ્રકરણમાં નોંધે છે કે 'પોતાની મહેનત અને બુદ્ધિમત્તાની સ્વકમાઈ નો મોટો હિસ્સો પૃથ્વી ઉપર છોડી દેવાનું દર્દ વડિલો માટે અસહ્ય બની રહે છે.''

સદનસિબે ભારતમાં આઝાદી પછી જન્મેલા અને કોવિડ મહા-મારી માં હેમખેમ પાર ઉતરેલા સિનિયર સિટીજન સમજી રહ્યા છે કે જીવન કમાણી માટે નહી પણ અનુભવજન્ય આનંદ માટે છે. બેંક બેલેંસ ખાતર પરિવાર, પ્રવાસ, ભોજન, દાન, ટીવી ફિલ્મ નો આનંદ, સહસભર્યા કર્તવ્યો સાથે પ્રેમના નશા ને દુર હડસેલવો સરવાળે દુખદાઈ બને છે કહેવત છે "જાન હૈ તો જહાન હૈ.'' સારૂ છે કે બૌધિક વયસ્કો સ્વાસ્થ્ય ખાતર યોગ, વોકિંગ, પૌષ્ટિક આહાર પ્રત્યે બે-દરકાર નથી. બેંક બેલેંસ ઘટાડી ને પણ આરોગ્ય માટે થઈ સપ્લીમેંટ લેવાનું રાખે છે. ૬૦ થી ૭૫ વય જુથ નાં આધુનિક બૌધિકવયસ્કો સાચી દિશા પ્રયાણનો સંતોષ લઈ રહ્યા છે તે નોંધવુ રહ્યું. નાનો પરિવાર, શિક્ષિત પરિવાર, તથા આર્થિક રીતે સ્વાવલંબી પરિવાર માણસને વૃદ્ધાવસ્થામાં રાહત રૂપ બને છે. ૫૦ વર્ષ પહેલાનું કર્તવ્ય વૃદ્ધોને આનંદ ફળ આપનાર પુરવાર થાય છે. અને ૮૦ માં વરસે શુન્ય પસ્તાવાનો ગેઈટ પાસ લઈ મૃત્યુના પ્રવેશને ઉત્સવ તરીકે સ્વીકારવા તૈયાર થઈ જાય છે. પચાસે પાકુ (મહેનત) સાઠે સાડુ (વિરામ) સિત્તેરે શિખ (પરિપકવતા) અને પંચોતેરે માંડુ (શાંતિ) ને ચરિતાર્થ કરતા પૈરાણિક સંસ્કૃતિ ને વડિલો અપનાવશે નહિ તો ગામ ચોરે કે દવાખાના ના ખાટલે બેસી ગાવુ પડશે 'રે ઘડપણ કોણે મોકલ્યું દોહલ્યું હવે લાકડીયે કાં ખાસીએ'

જો કે મેડિકલ ઈન્સ્યોરંસ, કમ્યુનીટી લિવિંગ વૃદ્ધાવસ્થાની કાળજી લેતા કરૂણાલય નાં સામાજીક સ્વીકારથી નવી પેઢીને જીવનભર પૈસા પાછળ ઢસડાઈ મરવામાં રાહત મળી રહી છે. ત્યારે આ બદલાવમાં હવે ઈચ્છામૃત્યુ ની વ્યવસ્થાને સાકાર કરવી હિતાવહ બનશે.

વર્ષ ૨૦૧૮ માં પેસિવ ડેથ ની ચર્ચા સૂપ્રિમકોર્ટમાં પહોચ્યા પછી પીડામાંથી જીવન મૂક્તિની માનવિય સંવેદના ને વર્ષ ૨૦૨૩ માં સરળ પ્રક્રિયા તરીકે સ્થાપિત કરાઈ છે. પ્રત્યેક અંત એક નવી શરૂઆત હોવા છતાં લાઈફ સપોર્ટ વિના સ્વસ્થ મૃત્યુ (ઈથનેશિયા) ને આજે પણ કાયદાકીય માન્યતા મળતી નથી. હિંદુ સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર માં અંત્યેષ્ઠી પણ એક સંસ્કાર છે. અને ગરુડપુરાણ તો વિદાય લેનાર નાં પથદર્શક તરીકે મુક્યુ છે છતાં ભારતવર્ષમાં સ્વૈચ્છા મૃત્યુનો સ્વીકાર ન થતાં સાવચેતી ખાતર એકલા ગુજરાત માં ૬૦ વર્ષથી મોટા ૭૫ લાખ વડિલોએ રૂપિયા ૧૦૫ લાખ કરોડ ભવિષ્યની સુરક્ષા તરીકે પોસ્ટ, બેંક, મ્યુચ્યુલ ફંડ જેવી વ્યવસ્થામાં મૂકી રાખવા પડયા છે. રીઝર્વ બેંક પ્રતિવર્ષ અંદાજીત રૂપિયા ૬૭ હજાર કરોડ અનકલેઈમ ફંડમાં જમા લઈ રહ્યું છે. ત્યારે વ્યહવારૂ અભિગમ થી ૮૫ વર્ષ થી ઉંમર ધરાવતા વૃદ્ધોને શાંતિભર્યા બિન ખર્ચાળ મૃત્યુ માટે ખાત્રી અપાય તે અર્થતંત્ર માટે જ નહિ પણ સમગ્ર સમાજીક વ્યવસ્થા માટે હિતાવહ બને છે.

જન્મ મૃત્યુને એક ચક્ર તરીકે મહેસુસ કરતી ભારતીય સંસ્કૃતિ એ આઝાદી પછી રાષ્ટ્રધ્વજમાં પણ ચક્રને ધર્મની સમજ તરીકે અપનાવ્યું છે ત્યારે બૌધ ધર્મના ‘મરણાનું સ્મૃતિ’ કે જૈન ધર્મ એ અપનાવેલ સલ્લેખના’ ની રીતોને ધર્મસ્થાનો માં ૬૦ થી ૧૨૦ દિવસ ની પૂર્ણ જાગ્રતી સાથેની અંતિમ સાધના તરીકે સ્થાપી વ્યકિત પ્રથમ ખોરાક અને ડોક્ટરની દેખરેખમાં કમશહ જળ ત્યાગી સેલિબ્રલ ડીહાઈડ્રેશન (મગજમાં પાણી નાં ઘટાડા) તેમ કરોડરજ્જુ માં ઈન્ટ્રા કેમિકલ હોઈપોટેન્શનની દર્દ રહિત સ્થિતિ સંપન કરી શકે છે.મૃત્યુને ઉત્સવ તરીકે જીવી જનાર રજનિશજી જણાવે છે 'સંસારનો અર્થ અન્યની ઉપસ્થિતિ છે. અને વાસના ભરેલું મૃત્યુ આત્મ ઉર્જાને આસક્તિ સાથે પુનર્જન્મ માટે ધકેલે છે.' સર્જક અને સર્જન એક-મેકમાં સમાયેલા હોતા જીવતા જીવ મૃત્યુનો પથ આયોજિત કરીશું તોજ અંતિમ ક્ષણ દર્દમૂક્ત, ભયમુક્ત, આનંદિત અવસ્થામાં રહી મોક્ષ, નિર્વાણ, લિબ્રેશન કે પછી નજત ને પામશે. અને માનવિય ઉર્જા અંતકાળે સહસ્ત્રચક ના દાયરા માંથી અનંત માં સમાવિષ્ટ થશે. ધુમાડો થઈ ને બળવા કરતાં ભડકો થઈ રાખ થવા કરતાં, ખર્ચના ખાડામાં ઉતરી ખતમ થવા કરતાં પાછળ રહી જનાર ને ભર્યુંભાણુ પિરસતા જવામાં શાણપણ છે. કુટુંબના સભ્યોની સેવાનો ત્રાસ વેઠી જવા કરતાં સ્વેચ્છા મૃત્યુમાં સમજદારી છે તે સ્વીકારવાનો સમય આવી ગયો છે.

# ઓપરેશન વગર મટાડો ઘૂંટણનો દુ:ખાવો

**વિશેષ**

આજે આપણે એક એવા રોગ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જે રોગ આજકાલ નાના મોટા સર્વેમાં આશ્ચર્યજનક રીતે જોવા મળી રહ્યો છે. જેનું નામ છે, 'સંધિવાત'. આ ઉપરાંત 'આમવાત' રોગ પણ આજકાલ ૩૦-૪૦ વર્ષની ઉંમરથી જ દર્દીઓમાં જોવા મળતો હોય છે. જાનુબસ્તિ સંધિનો દુઃખાવો એટલે કે ઘૂંટણનો દુઃખાવો આજકાલ ખૂબ વધી રહ્યો છે. અને મોટાભાગના ડૉક્ટરો આ રોગમાં ઓપરેશનની સલાહ આપતા હોય છે. પરંતુ ઓપરેશન વગર પણ ઘુંટણનો દુઃખાવો મટાડી શકાય છે, જેના ઉપાયો આયુર્વેદમાં બતાવવામાં આવ્યાં છે.

આજકાલ ૨૫થી ૩૫ વર્ષની વ્યક્તિઓની ઉંમરના યુવાનોમાં પણ આ સમસ્યા ખૂબ સામાન્ય રીતે જોવા મળી રહી છે. જેનું કારણ અનિયમિત જીવનશૈલી, જંકફૂડ, મેંદાનું અતિસેવન, ખોરાકમાં સાંકરનું વધુ પડતું પ્રમાણ, વધતું વજન, બેઠાડું જીવન વગેરેને ગણી શકાય. કેટલીક વાર આમલી કે ખટાશવાળા પદાર્થો વધારે પ્રમાણમાં લેવાથી પણ સાંધાઓમાં દુઃખાવાની સમસ્યા સર્જાઈ શકે છે.

જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય છે, તેમ તેમ શરીરમાં સ્થૂળતા પણ ઘણી વખતે વધતી જતી હોય છે. આ સ્થૂળતાના કારણે સમગ્ર શરીરનું વજન ઘુંટણ ઉપર આવે છે, અને ઘુંટણમાં ભયંકર દુઃખાવો ચાલુ થઈ જાય છે. પરિણામે દર્દીને ઉઠવા બેસવામાં પલાઠી વાળવામાં તેમજ ચાલવામાં પણ ખૂબ જ પીડા થાય છે. ઘણીવખત હાજત જવાનાં સમયે પણ દર્દી ઉભડક બેસી શક્તો નથી અને ઘુંટણમાં અસહ્ય દુઃખાવો થતો જોવા મળે છે. મોટી ઉંમરે સ્ત્રીઓમાં મોનોપોઝનાં સમય દરમિયાન શરીરમાંથી ઈસ્ટ્રોજનનો સ્ત્રાવ ખૂબ ઘટી જવાથી વજન વધવુ, પગમાં સોજા આવવા વગેરે જેવી સમસ્યાઓને કારણે પણ ઘુંટણ પગનાં દુઃખાવાની સમસ્યાઓ સર્જાઈ શકી છે. જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ બે હાડકાના વચ્ચે રહેલ ગાદી (કાર્ટિલેજ) ઘસાતી જાય છે. જેથી, હાડકાં એકબીજા સાથે ઘસાઈને જકડાવા લાગે છે અને ઘુંટણમાં ભયંકર પીડા ઉત્પન્ન થાય છે. આવા સમયે ડૉક્ટરો ઓપરેશનની કે ની-રીપ્લેસમેન્ટની સલાહ આપતા હોય છે. ઘણાં દર્દીઓ મને પૂછે છે કે શું ઓપરેશન વગર આ દુઃખાવાને મટાડી શકાય તેવો કોઈ અકસીર ઉપાય છે ? તો આનો જવાબ છે કે, જો દર્દીમાં થોડી ધીરજ અને સહનશક્તિ હોય તો ચોક્કસ આ દુઃખાવાને આયુર્વેદ ઔષધિયો અને સારવારથી મટાડી શકાય છે, અને એથી ઘણા દર્દીઓનાં અનુભવોથી સિધ્ધ થયું છે કે ઘુંટણનો આ દુઃખાવો ઓપરેશન વગર જ ન મટે એવું માનવાને કોઈ કારણ નથી. ઉપરાંત આ બધાનો આધાર દર્દીની ઉંમર, તેની પ્રકૃતિ, રોગની જીર્ણતા, વારસાગત કારણો વગેરે ઉપર પણ થોડાઘણા પ્રમાણમાં આધાર રાખે છે.

કેટલીકવાર ઘુંટણનો આ દુઃખાવો એક પગનાં ઘુંટણમાં થાય છે, તો કેટલીકવાર તે બંને પગનાં ઘુંટણમાં પણ જોવા મળતો હોય છે. પરંતુ રોગ જેમ જેમ વધતો જાય તેમ તેમ આ દુઃખાવો સતત રહ્યાં કરે છે. જેનાં કારણે ઘુંટણથી પગ સીધો પણ કરી શકાતો નથી. અને જો વધારે ચાલવામાં આવે તો દુઃખાવો ખૂબ વધી જાય છે. ઘણીવાર દર્દીને ચાલવાનાં સમયે કડ કડ અવાજ પણ સંભળાય છે. આ રોગમાં સમયસર સારવાર ન કરવામાં આવે તો દર્દીનું હરવા ફરવાનું પણ ક્યારેક મુશ્કેલ થઈ જાય છે.

'સંધિવાત'નાં દરેક દર્દીઓમાં વાતચિકિત્સા એટલે કે, વાયુનો નાશ કરે તેવી સારવાર કરવાનું આયુર્વેદમાં વિધાન છે. એટલે કે, દર્દીએ પણ વાયડા આહારનો ત્યાગ કરવો. ચોળા, પાપડી, તુવેર, મઠ, રીંગણ, બટાટા વગેરે વાયુકર આહાર છે જેથી તેની પરેજી ખૂબ જરૂરી છે.

પીપરીમૂળનું ચૂર્ણ ૧ ચમચી અને ૨ ચપટી મીઠુ મિક્સ કરી રાત્રે સૂતી વખતે પાણી સાથે લેવું જોઈએ.

ઘુંટણનાં દુઃખાવા માટે આયુર્વેદમાં 'જાનુબસ્તિ'ની સારવાર ખૂબ જ ચમત્કારિક પરિણામ આપે છે. જેમાં ઘુટણની આસપાસ અડદનાં લોટની પાળી બાંધીને તેમાં સુખોષણ વાતઘ્ન ઔષધ દ્રવ્યો ભરીને આ સારવાર કરવામાં આવે છે. જેનાં બેથી ત્રણ સીટીંગમાં જ સારવાર નિષ્ણાંતની સલાહમાં રહીને જે કરાવવાનો આગ્રહ રાખવો. આ ઉપરાંત સ્નેહન-સ્વેદનથી પણ સંધિવાત અને જાનુસંધિશૂલમાં ઘણો જ ફાયદો જોવા મળે છે.

આ ઉપરાંત અગ્નિકર્મ સારવાર એ આ રોગમા ખૂબ જ ઝડપી પરિણામ આપતી સારવાર પધ્ધતિ છે. અગ્નિકર્મ સારવારમાં દર્દીને કીડી ચટકે તેટલું દર્દ થાય છે. પણ દુઃખાવામાં પ્રથમ સીટીંગમાં જ ૪૦થી ૫૦ ટકા જેટલો ફર્ક પડી જાય છે. પણ આ સારવાર નિષ્ણાંત અનુભવી વૈદ્ય પાસે જ કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. અગ્નિકર્મ સારવાર એ આયુર્વેદની દુઃખાવામાં રાહત આપતી ખૂબ ઝડપી ચિકિત્સા પધ્ધતિ છે.

# ગિરનારની પરમ શાંતિઃ સહઅસ્તિત્વ અને સૌજન્યનો સંદેશ

**આસપાસ ચોપાસ**

**સુરેશ ભટ્ટ**

**હાલમાં ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં આવેલા પવિત્ર ગિરનાર પર્વત પર નિર્વાણલાડુ મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે. આ ઉત્સવ દરમિયાન જુદા જુદા સંપ્રદાયો અને ધર્મોના ભક્તો મોટી સંખ્યામાં એકઠા થાય છે, ત્યારે તેમની સુરક્ષા અને શાંતિ જાળવવા માટે વહીવટીતંત્રે અગાઉથી જ સજ્જતા કરી લીધી છે.**

ગિરનાર પર્વત ભારતની ધાર્મિક અને ઐતિહાસિક ધરોહરનો અમૂલ્ય ખજાનો છે. ભૌગોલિક રીતે જોતાં, આ પર્વત ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલો છે. જૂનાગઢ શહેરથી લગભગ દસ કિલોમીટર દૂર આવેલો આ પર્વત દરિયાની સપાટીથી લગભગ ૩૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવે છે. આ પર્વત પર ત્રણ મુખ્ય ટેકરીઓ આવેલી છે, જે "અંબાજી", "ગોરખનાથ" અને "નેમિનાથ"ના નામથી ઓળખાય છે. ગિરનારની ફરતે ગીચ જંગલો અને કુદરતી સૌંદર્ય પથરાયેલું છે, જે મનને મોહિત કરી દે છે. અહીં આવેલા તળાવો, કુંડો અને પ્રાકૃતિક ઝરણાં આ સ્થળને વધુ રમણીય બનાવે છે.

ઐતિહાસિક રીતે, ગિરનારનું મહત્વ અનેક યુગો સુધી ફેલાયેલું છે. પુરાણોમાં તેને 'રૈવતાચલ' તરીકે ઓળખવામાં આવે છે. સ્કંદ પુરાણમાં આ પર્વતને સૌથી પવિત્ર તીર્થોમાં ગણાવવામાં આવ્યો છે. જૈન ધર્મના ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથે અહીં જ દીક્ષા લીધી હતી, તેથી જૈન સમાજ માટે આ સ્થળ અત્યંત આદરણીય છે. અહીં ભગવાન નેમિનાથનું ભવ્ય મંદિર આવેલું છે, જે જૈન ધર્મના પાંચ મુખ્ય તીર્થોમાંનું એક છે. તે જ સમયે, હિંદુ ધર્મમાં પણ આ પર્વતનું મોટું સ્થાન છે. એવું માનવામાં આવે છે કે પાંડવોએ પોતાના વનવાસ દરમિયાન અહીં કાળજીપૂર્વક સમય વિતાવ્યો હતો. નાથ સંપ્રદાયના અગ્રણી સંત ગોરખનાથે પણ અહીં તપસ્યા કરી હતી, જેના કારણે ગોરખનાથની ગુફા અને તેમનો પગલું ધરાવતો સ્થળ ભક્તો માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ ગિરનારનું સૌથી મહત્વનું પ્રમાણ અહીં મળી આવેલા સમ્રાટ અશોકના શિલાલેખો છે. આ શિલાલેખો ઈ.સ. પૂર્વે ૨૫૦ની આસપાસના છે, જેમાં અશોકે ધર્મના પ્રચાર અને પ્રાણી દયાનો સંદેશ લખ્યો છે. આ શિલાલેખ દર્શાવે છે કે ગિરનાર પ્રાચીન કાળથી જ શાંતિ, ધર્મ અને સહિષ્ણુતાનું કેન્દ્ર રહ્યું છે. ગિરનારની પ્રાચીન સભ્યતા, મધ્યયુગીન સ્થાપત્ય અને આધુનિક સમયમાં પણ ધાર્મિક શ્રદ્ધા તેને ભારતની એક અનોખી આધ્યાત્મિક ભૂમિ બનાવે છે. મહાત્મા ગાંધી પણ અહીં આવ્યા હતા, અને તેમણે આ પર્વતની શાંતિની ભાવનાને આત્મસાત કરી હતી. આમ, ગિરનાર માત્ર એક ભૌગોલિક સ્થળ નથી, પણ સમગ્ર માનવતાના આધ્યાત્મિક વિકાસનું ઐતિહાસિક પ્રતીક છે.

વર્તમાન વિવાદ શું છે? તે તટસ્થ રીતે જાણવું જરૂરી છે. એવી વાત છે તેનો શાંતિમય ઉકેલ આવે તે માટે સવે સાથે મળીને પ્રયાસ કરવો પણ એટલો જરૂરી છે.

હાલમાં ગિરનાર પર નિર્વાણલાડુ મહોત્સવના આયોજનને કારણે કેટલાક મતભેદો સર્જાયા છે. આ ઉત્સવ દરમિયાન હિંદુ અને જૈન સમાજની અલગ અલગ પરંપરાઓ અને રીતરિવાજોને લઈને થોડો તણાવ વધ્યો હતો. જૈન સમાજ તરફથી એવી ફરિયાદ આવી હતી કે આ ઉત્સવમાં થતા ઉચ્ચ અવાજ, સંગીત અને ભક્તિ ગીતોને કારણે ગિરનારની શાંતિ અને પવિત્રતા પર અસર પડે છે. સાથે જ, બંને સમુદાયો વચ્ચે ભાષાકીય વિવાદ અને ધર્મ વિરોધી ગાળાઓ પણ સામે આવ્યા હતા. કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ આ અંગે ચર્ચાઓ થઈ હતી.

આ વિવાદ ને ભડકાવવામાં સોશિયલ મીડિયાએ વરવી ભૂમિકા ભજવી છે આવા વિવાદ ઉભા કરે તેવા નિવેદનો અને સોશિયલ મીડિયાની પોસ્ટ પર સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ જેને કારણે રાષ્ટ્રની શાંતિ ને સહ અસ્તિત્વ જોખમતા હોય તેવી પોસ્ટ સરકારે બંધ કરવા આદેશ આપવો જોઈએ જો કે આની સામે એવી દલીલ કરવામાં આવશે કે આ વાણી સ્વતંત્ર નું હનન છે. પરંતુ સમાજમાં શાંતિ અને સહ અસ્તિત્વ સોશિયલ મીડિયા કરતા વધુ મહત્વનું છે સોશિયલ મીડિયાએ પોઝિટિવ રહીને પ્રશ્નો ઉકેલ આવે તે માટે પ્રયાસ કરવા જોઈએ તેને બદલે નેગેટીવ ભૂમિકા જો તે ભજવે તો તેની પ્રતિબંધ મૂકવો જોઈએ.

જો કે, આ એક અત્યંત સંવેદનશીલ વિષય છે, કારણ કે ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે તેવી કોઈ પણ ઘટના ક્યારેય સ્વીકાર્ય નથી. આ વિવાદનું સૌથી હકારાત્મક પાસું એ છે કે જ્યારે વહીવટીતંત્રે આ ગંભીર બાબતનો સામનો કર્યો, ત્યારે તેમણે સુરક્ષા દળોને ઝડપથી તૈનાત કરી, સાયલન્સ ઝોન લાગુ કર્યો અને કોઈ પણ પ્રકારનો તણાવ ઉભો ન થાય તે માટે કડક કાનૂની પગલાં ભર્યા. સરકારનો આ નિર્ણય દર્શાવે છે કે તેઓ ધાર્મિક સ્થળે સૌજન્ય જાળવવા માટે કેટલા ગંભીર છે.

વિવાદનો સુમેળભર્યો ઉકેલ શકય છે.

કોઈ પણ ધાર્મિક સ્થળે વિવાદ કે તણાવનો એક જ શ્રેષ્ઠ ઉકેલ છે, તે છે સંવાદ, સહિષ્ણુતા અને પરસ્પર આદર. ભારતનો બંધારણીય વારસો દરેક ધર્મને સમાન હક્ક અને સમાન આદર આપે છે. આપણે સમજવું જોઈએ કે એક ધર્મનો ઉત્સાહ બીજા ધર્મના લોકો માટે અવરોધ ન બનવો જોઈએ. આ સમસ્યાનો હકારાત્મક ઉકેલ એ છે કે બંને સમુદાયોના શાંતિપ્રિય વડીલો અને સંતો એકબીજા સાથે બેસીને સમય, અવાજની મર્યાદા, અને ઉત્સવની સાથોસાથ થતી ધાર્મિક ક્રિયાઓ વિશે સહિયારી સમજૂતી કરે. આ માટે સ્થાનિક વહીવટીતંત્ર આગેવાની લઈને, બંને સમાજોના પ્રતિનિધિઓ સાથે એક સંયુક્ત સમિતિની રચના કરી શકે છે. આ સમિતિ ગિરનાર પર થનારા તમામ ધાર્મિક કાર્યક્રમો માટે એક સામાન્ય આચાર સંહિતા તૈયાર કરી શકે છે. જો કોઈક ઉત્સવમાં ધ્વનિ કે સંગીત થતું હોય, તો તેની મર્યાદા અને સમય બંને સમાજોને સ્વીકાર્ય હોય તે રીતે નક્કી થવો જોઈએ. સાથે જ, સોશિયલ મીડિયા પર થતી નકારાત્મક ચર્ચાઓને રોકવા માટે બંને સમાજોના શુભચિંતકોએ સકારાત્મક સંદેશાઓ ફેલાવવો જોઈએ. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, 'સર્વ ધર્મ સમભાવ' જ આપણા દેશની મૂળ ભાવના છે. ગિરનાર જેવા પવિત્ર સ્થાન પર દરેક ધર્મના લોકોએ પોતાની શ્રદ્ધાને મુક્તપણે અને શાંતિથી પ્રગટ કરવી જોઈએ. સરકારે સુરક્ષા અને કાયદો જાળવીને જે શાંતિ પૂરી પાડી છે, તેનાથી આ સમસ્યાનો ત્વરિત અંત આવશે. હવે જરૂર છે તો બંને સમુદાયોની સમજશક્તિ, ઉદારતા અને દેશ પ્રત્યેના પ્રેમની, જેથી કરીને આ પવિત્ર પર્વત ભાઈચારાનું અનોખું ઉદાહરણ બની શકે.ગિરનાર પર ધાર્મિક સ્થળોએ કોઈ પણ પ્રકારનો અવાજ કે ગાળાગાળી ન થાય, તે માટે સરકાર દ્વારા તાત્કાલિક સાયલન્સ ઝોન જાહેર કરી દેવામાં આવ્યો છે. ૪૪૫ જેટલા પોલીસ કર્મચારીઓ અને નાયબ સામલેદાર સહિતના ૫૦૦થી વધુ સુરક્ષા દળોને ત્રણ દિવસ માટે તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એક એસઆરપી કંપની, ૨૦ પીઆઈ, ૩૫ પીએસઆઈ અને ૧૫૦ સોસાઈટી વોલંટીયરોની ટીમને પણ ગોઠવવામાં આવી છે. આ તમામ પગલાં એ વાતનું પ્રમાણ છે કે ભારત સરકાર દરેક ધર્મના લોકોની લાગણીઓનું સન્માન કરે છે અને ધાર્મિક સ્થળે સૌજન્ય જળવાય તેને સર્વોપરી માને છે.સૌજન્ય જ રાષ્ટ્રહિત છે. આજે જ્યારે આપણું ગુજરાત શાંત સંજોગોમાં પ્રગતિના નવા શિખર સર કરી રહ્યું છે ત્યારે ગુજરાતના સૌથી ઊંચા ગિરનાર પર્વત પર થી શાંતિનો સંદેશ ફેલાય તે અત્યંત મહત્વપૂર્ણ બાબત છે.

ભારતમાં દરેક ધર્મને સમાનતા મળી છે. હિંદુ, જૈન, બૌદ્ધ, શીખ, ઈસ્લામ અને અન્ય દરેક સંપ્રદાયો આ દેશના અભિન્ન અંગ છે. જો દરેક ધર્મનો માણસ પોતાના ધર્મનું પાલન કરતાં અન્ય ધર્મ પ્રત્યે સૌજન્યથી વર્તે, તો આ દેશ ન ક્યારેય ઝઘડા થાય, ન કોઈ વિવાદ. ગિરનાર



પર્વત ઐતિહાસિક રીતે જ્ઞાન અને શાંતિનું કેન્દ્ર રહ્યું છે. તેની ભૂમિ પર ફરી એકવાર શાંતિનો ઉદય થાય અને તમામ સમાજો મળીને આધ્યાત્મિક ઉત્કર્ષના પાયામાં

આભાર - નિહારીકા રવિયા સહભાગી બને, તે જ દેશહિત અને માનવહિત છે. ચાલો આપણે બધાએ શપથ લઈએ કે ધાર્મિક સ્થળો પર પરસ્પર સહકાર, સંવાદ અને આદરભાવ જાળવીને ગિરનારને વિશ્વના માનચિત્ર પર શાંતિનું અનોખું તીર્થ બનાવી રાખીશું.ડિસ્ક્લેમરઃઆ લેખ માત્ર સદભાવના, શાંતિ અને સહઅસ્તિત્વના હેતુથી લખાયેલ છે. કોઈ પણ ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાનો આશય નથી. વાસ્તવિક કાનૂની પાસાંઓ અને સુરક્ષા વ્યવસ્થા અંગે સત્તાવાર અને સ્થાનિક દાખલાઓ સ્વીકૃત છે.

# ભારતે વન-ડે શ્રેણી પણ ગુમાવી : ઈંગ્લેન્ડ સામે હાર્યું

## વન-ડે રેન્કિંગમાં સાતમાં ક્રમે રહેલા ઈંગ્લેન્ડે ટી૨૦ બાદ વન-ડે સિરીઝમાં પણ ભારતને હરાવ્યું : લોર્ડ્સ ખાતેની મેચમાં રોહિત શર્માની સદી પણ એળે ગઈ : લોર્ડ્સની પીચ ઉપર ૭૪૭ રન બન્યા








લંડન,

વન-ડેના સાતમા નંબરના ઈંગ્લૅન્ડ (૩/૩૮૭) સામે વર્લ્ડ નંબર-વન ભારત (૭/૩૬૦)નો ૨૭ રનથી પરાજય થયો હતો. બ્રિટિશરોએ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી.લૉર્ડ્સની બૅટિંગ-પિચ પર અઢળક રન (૭૪૭) બન્યા હતા અને ભારતના ટૉપ-ઑર્ડરે બ્રિટિશરોને જોરદાર લડત આપી હતી, પણ સાત બોલરના આક્રમણ વચ્ચે મિડલ-ઑર્ડરે દાટ વાળ્યો હતો અને છેવટે ભારતે મૅચમાં અને સિરીઝમાં હાર જોવી પડી. આ જ મહિનામાં ઈંગ્લૅન્ડ સામે ટી-૨૦માં ભારતનો ૦-૪થી રકાસ થયો હતો.લૉર્ડસમાં છેલ્લી વખત રમેલા રોહિત શર્મા (૧૩૮ રન, ૧૧૦ બૉલ, પાંચ છગ્ગા, સત્તર ચોગ્ગા) સાથે ૧૪૭ રનની ભાગીદારી કરીને કૅપ્ટન શુભમન ગિલ (૭૭ રન, ૮૪ બૉલ, એક છગ્ગો, દસ ચોગ્ગા) આઉટ થયો ત્યાર પછી રોહિત સાથે વિરાટ કોહલી (૭૪ રન, ૬૦ બૉલ, ત્રણ છગ્ગા, ચાર ચોગ્ગા) જોડી જમાવી હતી. ૩૯મી ઓવરમાં રોહિત-વિરાટની ભાગીદારી ૧૧૩ રનની થઈ હતી અને વિરાટ ૩૮ રન પર હતો ત્યારે રોહિતે પોતાના ૧૩૮ રનના સ્કોર પર નૉન-રેગ્યુલર લેફ્ટ-આર્મ સ્પિનર જેકબ બેથેલના બૉલમાં સ્વીપ શૉટની લાલચમાં વિકેટ ગુમાવી હતી. કમબૅકમાં તેની યાદગાર સેન્ચુરીની સફર પૂરી થઈ હતી.ત્યાર બાદ વિરાટને પછીના બૅટ્સમેનોનો સારો સાથ નહોતો મળ્યો. ભારત ૪૩મી ઓવરમાં ૩૦૦ રન પર પહોંચ્યું હતું અને જીતવાની આશા હતી, પરંતુ કિશન (૧૪ રન) સૅમ કરૅન (૧૦-૦-૭૫-૪)ના ધીમા બૉલમાં રેહાન અહમદને કૅચ આપી બેઠો એના બે બૉલ બાદ કરૅનના વધુ એક સ્લો બૉલમાં શ્રેયસ ઐયર (૦) પણ રેહાનને કૅચ આપી દીધો હતો. રેહાનનો આ બીજો કૅચ અદ્ભુત હતો. ટૂંકમાં, ૩૦૪ રનના સ્કોર પર ભારતને એક ઓવરમાં બે ઝટકા લાગ્યા હતા. સૅમ કરૅનની પછીની ઓવરમાં વિરાટે તેના બૅક ઑફ અ લેન્ગ્થ બૉલમાં કૅચ આપી દીધો હતો અને ત્યારે જ ભારતની જીતની આશા પર પાણી ફરી વળ્યું હતું. કરૅને આઠ બૉલમાં પાંચ રનના ખર્ચે ત્રણ મહત્ત્વની વિકેટ લીધી હતી. પછીથી રાહુલ (૧૨ રન)ની વિકેટ જોફ્રા આર્ચરે અને અક્ષર (બે રન) કરૅને લીધી હતી. ઈંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૩૮૭ રન બનાવ્યા હતા. ઓપનર બેન ડકેટ (૧૪૧ રન, ૧૩૫ બૉલ, એક છગ્ગો, અઢાર ચોગ્ગા) અને જેકબ બેથેલ (૯૧ રન, ૯૩ બૉલ, બે છગ્ગા, અગિયાર ચોગ્ગા)ની જોડીએ ૧૮૧ બૉલમાં ૧૯૨ રનની ભાગીદારી કરી હતી. જૉ રૂટ (૭૪ અણનમ, ૪૮ બૉલ, નવ ચોગ્ગા) અને વિકેટકીપર જૉસ બટલર (૪૧ અણનમ, ૧૩ બૉલ, ત્રણ છગ્ગા, ચાર ચોગ્ગા)એ પણ ટીમને ઉપયોગી યોગદાન આપ્યા હતા. જસપ્રીત બુમરાહ ઈજાને કારણે આ મૅચમાં નહોતો રમ્યો. બ્રિટિશરોની ત્રણમાંથી બે વિકેટ પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના (૧૦-૨-૬૯-૨)એ અને એક વિકેટ પ્રિન્સ યાદવે (૧૦-૦-૭૯-૧) લીધી હતી. બાકીના ત્રણ ભારતીય બોલરને વિકેટ તો નહોતી મળી, તેમની બોલિંગમાં બ્રિટિશ બૅટ્સમેનોએ પુષ્કળ રન બનાવ્યા હતા: ગુરનૂર બ્રાર (૧૦-૦-૯૭-૦), અર્શદીપ સિંહ (૧૦-૦-૭૨-૦) અને અક્ષર પટેલ (૧૦-૦-૬૧-૦).

## પેડ્ડી રો પછી જાહ્નવી કપૂરને નવી ફિલ્મ મળી; તે દિગ્દર્શક ઉમેશ બિષ્ટ સાથે કામ કરશે



મુંબઈ,

જાહ્નવી કપૂરના નવા પ્રોજેક્ટનું હજુ સુધી નામ નક્કી થયું નથી. તેને એકતા કપૂરની બાલાજી મોશન પિક્ચર્સ અને ગુનીત મોંગાની શીખ્યા એન્ટરટેઈનમેન્ટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. કલાકારો અને ક્રૂ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરની આસપાસ શૂટિંગ શરૂ કરશે. વાર્તા, શૈલી અને કલાકારો વિશે હજુ સુધી વધુ માહિતી નથી.

બીજી બાજુ, ઉમેશ બિષ્ટ 'પગલૈત ૨' ના દિગ્દર્શનમાં પણ વ્યસ્ત છે. તે ૨૦૨૧ ની નેટફ્લિક્સ ફિલ્મની સિક્વલ છે. સાન્યા મલ્હોત્રા સંધ્યા તરીકેની મુખ્ય ભૂમિકા ફરી ભજવે તેવી અપેક્ષા છે. બીજો ભાગ વાર્તાને આગળ વધારશે.

## નેહા ધૂપિયાએ કામ કરતી મહિલાઓ વિશે વાત કરી, તેમના જીવનસાથીનો ટેકો આવશ્યક ગણાવ્યો



મુંબઈ,

નેહા ધૂપિયાએ અભિનેત્રી સોહા અલી ખાનના પોડકાસ્ટમાં ભાગ લીધો હતો. આ પોડકાસ્ટમાં, નેહાએ લગ્ન અને માતા બન્યા પછી થયેલા ફેરફારોની ચર્ચા કરી. તેણીએ એ પણ સમજાવ્યું કે કામ કરતી મહિલાઓ માટે ટેકો વિના જીવન સરળ નથી.

નેહા ધૂપિયાએ ખુલાસો કર્યો કે તેની પુત્રી મેહરના જન્મ પછી તેનું જીવન નોંધપાત્ર રીતે બદલાઈ ગયું.

## પીવી સિંધુએ જાપાન ઓપન સુપર ૭૫૦ ટૂર્નામેન્ટ જીતીને દોઢ વર્ષના ટાઈટલ દુકાળનો અંત આણ્યો





ટોકિયો,

ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ જાપાન ઓપન ૨૦૨૬ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. આજની ફાઈનલ મેચમાં ભારતીય શટલર પીવી સિંધુએ યજમાન રાષ્ટ્રની અકાને યામાગુચી સાથે થયો હતો, જેમાં સિંધુએ મેચ જીતીને પોતાને નામે નવો વિક્રમ નોંધાવ્યો છે. યામાગુચી સામેની સીધી ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૭ સેટથી સિંધુએ ટ્રોફી જીતી હતી. સિંધુ જાપાન ઓપન જીતનારી સૌથી પહેલી ભારતીય શટલર બની છે, જે જીતવાને કારણે લગભગ દોઢેક વર્ષના ટાઈટલ દુકાળનો અંત લાવી છે.

**૨૦૧૯ પછી સૌથી મોટો ખિતાબ જીતવાનો વિક્રમ**

જાપાન ઓપન પૂર્વે સિંધુએ ૨૦૦૪ ડિસેમ્બરમાં સૈયદ મોદી ઈન્ટરનેશનલ ટ્રોફીમાં શાનદાર વિજય મેળવ્યો હતો, ત્યાર પછી મોટા ભાગની ટૂર્નામેન્ટમાં પડકારનો સામનો કરવો પડ્યો હતો. પીવી સિંધુ જાપાન ઓપનમાં આ જીત ૨૦૧૯માં વર્લ્ડ ચેમ્પિયનશિપ જીત્યા પછીનો તેનો સૌથી મોટો ખિતાબ જીતી છે.

જાપાન ઓપનમાં પીવી સિંધુના શાનદાર ફોર્મને કારણે તેને ફાઈનલમાં પણ પોતાની શાનદાર ઈનિંગ રમીને નવવો ઈતિહાસ રચ્યો છે. સિંધુ પહેલા સેટની શરુઆતમાં ૧૧-૯થી પાછળ હતી, પરંતુ એના પછી અકાનેને ૨૧-૧૭થી હરાવીને વાપસી કરી હતી. બીજા સેટની શરુઆતથી સિંધુએ યામાગુચીને તક આપી નહોતી. બીજા સેટમાં યામાગુચીએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિંધુએ મચક આપી નહોતી. બીજા સેટમાં પણ ૨૧-૧૭ના અંતરથી પોતાના નામે કરવાની સાથે પચાસ મિનિટમાં આખી મેચ ખતમ કરીને ખિતાબ પોતાને નામે કર્યો હતો.

**ઐતિહાસિક જીતથી વર્લ્ડ રેન્કિંગમાં થશે ફાયદો**

અહીં એ જણાવવાનું કે જાપાન ઓનપ સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં પીવી સિંધુએ સેમી ફાઈનલમાં ચીનની ખેલાડી અને ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈ સાથે કર્યો હતો, જેમાં મેચના પહેલો સેટ ૨૧-૧૯થી જીત્યો હતી, જ્યારે બીજા સેટમાં પણ એ ૧૫-૧૦ના અંતરથી ચેન યુફેઈ હેમસ્ટ્રિંગની ઈજાને કારણે મેચમાંથી બહાર થઈ ગઈ હતી, જ્યારે ક્વાર્ટર ફાઈનલ મેચમાં સિંધુને વોકઓવર મળ્યું હતું. સિંધુની ઐતિહાસિક જીતને કારણે વર્લ્ડ રેન્કિંગમાં પણ તેને મોટો ફાયદો થશે, જ્યારે એશિયન ગેમ્સ ૨૦૨૬માં પદક જીતવાની પણ સંભાવના વધી ગઈ છે.

## સલમાન ખાનના બદલાયેલા લૂકથી ચાહકોની ચિંતા વધી





મુંબઈ,

સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એના લૂકને જોઈને ફેન્સ ચોંકી ગયા છે, જ્યારે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી લોકોએ સવાલ કરી રહ્યા છે કે આખરે સલમાન ખાનને શું થઈ ગયું છે? સલમાન ખાન એક ઈવેન્ટમાં જોવા મળ્યો હતો. 'ભાઈજાન'નો લેટેસ્ટ લૂક જોઈને યૂઝર્સે પણ એની તબિયત પૂછી રહ્યા છે. સલમાન ખાન તાજેતરમાં સ્લમ રીહેબિલિટેશન સેન્ટરની ઓફિસમાં પહોંચ્યો હતો.

જ્યાં સલમાન ખાને એક સર્વર રૂમનું ઉદ્ઘાઘાટન કર્યું હતું. ડેટા ક્લેક્શન અને વેરિફિકેશન સપોર્ટ સેન્ટરનું લોકાર્પણ કરીને ત્યાંની ઓથોરિટી સાથે સંવાદ કર્યો હતો. આ દરમિયાન ડેનિમના શર્ટ અને જીન્સના આઉટફિટમાં તે જોવા મળ્યો હતો. આ લૂકો પૂરો કરવા માટે તેણે ગ્રીન કલરની કેપ પહેરી હતી.

આ વીડિયોમાં તે પહેલા કરતા ઘણો પાતળો જોવા મળ્યો હતો. આવો લૂક્સ જોઈને ફેન્સ સલમાનને સવાલ કરી રહ્યા છે કે આખરે તમારી તબિયત તો સારી છે ને? ફેન્સ સલમાનની તબિયત અંગે પ્રાર્થના કરી રહ્યા છે.

કેટલાક યુઝર્સ માનવા તૈયાર નથી કે આ સલમાન ખાન છે. કેટલાક ફેન્સ એવું કહે છે કે, આ ભાઈજાનનો નવો લૂક હોઈ શકે છે. ફિલ્મ માટે તેણે આવું કર્યું હોઈ શકે છે. એક યુઝરે તો કમેન્ટમાં સવાલ કરી નાંખ્યો કે, આ ખરેખર ઓરિજિનલ સલમાન જ છે ને? એક યુઝરે લખ્યું કે, શૅરા ૫૭ વર્ષની વયે ફીટ છે તો પછી સલમાન ૬૦ વર્ષની વયે પણ કેમ આવા?

અન્ય એક યુઝરે કહ્યું કે, સલમાનની તબિયત ખરાબ લાગી રહી છે, ભગવાન એમની તબિયત ઝડપથી સારી કરી દે. એકવારમાં એવું માની લેવામાં આવે કે, સલમાન નકલી છે પણ પાછળ શૅરા તો અસલી છે. આ વીડિયોને લઈને સલમાન ખાને હજુ સુધી કોઈ પ્રકારની પ્રતિક્રિયા આ વીડિયો અંગે કોઈ આપી નથી. હવે તેની ફિલ્મ માતૃભૂમિ આવી રહી છે. આ ફિલ્મ ડીલે થઈ હોવાના રિપોર્ટ મળ્યા છે.

આ ફિલ્મનું હાલમાં માત્ર ટીઝર આવ્યું છે. તારીખ અંગે હજુ સુધી મેકર્સની ટીમમાંથી કોઈએ સ્પષ્ટતા કરી નથી. આ સિવાય સલમાન ખાન વધુ એક ફિલ્મી પ્રોજેક્ટમાં જોડાયેલા હોવાની વિગત છે. આ વીડિયોને લઈને ખાસ કોઈ વિગત સામે આવી નથી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | વિ | ચા | ર | ણા | સ | ર | વા | ળો | કા | મો | ભો |
| ર | લ | ળ | ધ | રી | ક્રો | શિ | સા | ક્ષ | ત | કા | વિ |
| ન | આ | ક્ષ | ક | ર | ઐ | ક્ષ | લ | ઈ | ર | ધ | જ્ઞા |
| કા | હિ | ર | વા | પ્ર | સ | ક | સ | ક | ધ | દ | ન |
| વ | ગી | કા | ણે | ક | બ | ળો | ક | ઐ | ર | રા | હા |
| ક | મા | બં | ધ | ઈ | પ્ર | કા | ઐ | પ્ર | દ | દ | બ |
| ક | ડી | ફ | ર | આ | અં | ફ | પ્ર | બા | ર | સા | ખ |
| ર | ણ | કા | ર | ઓ | વા | ભો | ર | વિ | ર | ક્ષ | સ |
| ળ | હા | ર | ર | શિ | કુ | બ | ખ | લી | સા | કા | કા |
| વિ | સા | ર | ક્ષ | ર | દ | લ | જી | ળ | ર | ર | રો |
| લી | સ | ણ | બં | અ | ફ | મ | વા | ક્ષ | સા | મો | વિ |
| ડો | ભો | મા | ધ | ધ | ભો | શ | ગ | ભ | ગ | ન | રા |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનની હાકલ

**- રાજનીતિથી પર અને સ્વાયત્ત નીતિ જ ભારતનું ભવિષ્ય બદલશે**

**- શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પણ સમગ્ર સમાજ અને નાગરિકોના ચરિત્ર ઘડતરનો મજબૂત પાયો છે.**

કોઈપણ દેશના વિકાસની ઈમારત તેના શિક્ષણના પાયા પર જ ચણાય છે. પરંતુ, શું આપણી વર્તમાન શિક્ષણ વ્યવસ્થા આ લાંબાગાળાના ધ્યેયને સિદ્ધ કરવા સક્ષમ છે? આજે સમય પાકી ગયો છે કે આપણે શિક્ષણને તત્કાલીન રાજકીય નિર્ણયોમાંથી મુક્ત કરી એક દીર્ઘદ્રષ્ટિવાળી સ્વાયત્ત વ્યવસ્થા તરફ લઈ જઈએ.

આ વિષય પરત્વે વર્તમાન સમયમાં નીચે મુજબના પાયાના અને ગંભીર મુદ્દાઓ પર મંથન કરવું અને તેમાં બદલાવ લાવવો અનિવાર્ય બન્યો છે:

૧. સ્વાયત્ત શૈક્ષણિક પોલિસી:

સત્તા બદલાય, પણ શિક્ષણની દિશા ન બદલાય

★ શિક્ષણની કોઈપણ પોલિસી અમલમાં મૂકતા પહેલાં તેની લાંબા ગાળાની સામાજિક તથા માનવીય વ્યક્તિત્વ વિકાસ પર થતી અસરોનો ઊંડો અભ્યાસ થવો જોઈએ.

★ આ નીતિ સચિવશ્રી કે શિક્ષણમંત્રી બદલાય એટલે બદલાઈ જાય તેવી ન હોવી જોઈએ.એક સચિવ નિર્ણય લે કે ધો.૧૨ સાયન્સમાં સેમેસ્ટર વ્યવસ્થા હોવી જોઈએ..નવા સચિવ એ બદલી વાર્ષિક કરે..આ બન્ને નિર્ણયો માં કોઈ લાંબા ગાળાની અસરો જોવાઈ હતી ખરી ?? વચ્ચે શિક્ષણમંત્રી ધો.૧થી ૮માં નાપાસ ન કરવાની પોલિસી લાવ્યા.. ઘણા વર્ષો પછી ખબર પડી આ પોલિસીથી બાળકો નબળા રહી જાય છે..હવે રી ટેસ્ટની પોલિસી લાવ્યા છે.

★ સરકાર ભલે બદલાય, પણ એકવાર બનેલી સ્વાયત્ત અને સ્વૈચ્છિક શૈક્ષણિક પોલિસી નવી સરકારે પણ ફરજિયાતપણે આગળ ધપાવવી પડે તેવી કાનૂની સ્થિરતા હોવી જરૂરી છે.

૨. રાજકીય પ્રભાવથી મુક્ત શિક્ષણ વ્યવસ્થા

★ શિક્ષણ જ્યારે સમાજના ઘડતરનું સૌથી અગત્યનું પરિબળ છે, ત્યારે સમગ્ર શૈક્ષણિક માળખું રાજકીય લાભ-ગેરલાભ કે પ્રભાવથી તદ્દન પર હોવું જોઈએ.લોકોને ખુશ કરવા ખાનગી શાળાઓમાં ફી નિયમન કમિટી મૂકી..ખરેખર સમગ્ર ગુજરાતમાં ૧૬૦૦૦ શાળાઓ માંથી ૨૦%શાળાઓ જ ફીમાં નિયંત્રણની જરૂરત હતી..જ્યારે ૧૨૦૦૦ શાળાઓમાં આજે પણ પ્રાથમિક શિક્ષણ ખાનગી શાળામાં વાર્ષિક ૧૫૦૦૦ કરતા ઓછામાં થાય છે.આજે પણ ગામડાની ખૂબ નાની શાળાઓ ૧૦૦૦૦ કરતા પણ ઓછી ફીમાં ભણાવે છે.જે વાસ્તવિકતા સર્વ જાણે છે..હા સમગ્ર ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળામાં એક બાળક પાછળ ખાનગી શાળાના ૧૫૦૦૦ સામે ૪૭૦૦૦ થી ૭૦૦૦૦ સુધીનો ખર્ચ કરે છે જે સત્તાવાર આંકડાઓ સર્વ જાણે છે.તો રાજકીય લાભ ખાટવા FRC લાવીને કેટલી વહીવટી અવ્યવસ્થાઓ ઉભી થઈ એ કોઈએ જોવાનું નહિ??

★ શિક્ષણના નિર્ણયો વોટબેંક કે રાજકીય એજન્ડાના આધારે નહીં, પણ માત્ર અને માત્ર સામાજિક અસરો અને રાષ્ટ્રનિર્માણના આધારે જ લેવાવા જોઈએ.બાળકનું ભવિષ્ય નીર્ધાર કરતી પરીક્ષાના પેપરો ફૂટે સમગ્ર દેશના લાખો લોકો હેરાન પરેશાન થાય..આપઘાત પણ કરે છતાં કોઈ પણ તેના માટે જવાબદાર નહીં..કોઈ નક્કર ફેરફારો પણ નહીં..જે ખૂબ દુઃખદ છે.. ખરેખર પેપર નથી ફૂટતા માણસાઈ ફૂટી રહી હોય તેવું લાગે છે..

૩. પોલિસી નિર્માણમાં 'નિષ્ણાતો'ની અનિવાર્યતા (ગ્રાઉન્ડ લેવલનો અનુભવ)

★ શિક્ષણ નીતિના ઘડતરમાં માત્ર વહીવટી અધિકારીઓ નહી, પરંતુ શિક્ષણ ક્ષેત્રના પરફેક્ટ અને તજજ્ઞ વ્યક્તિઓ જ હોવા જોઈએ.

★ જે લોકોએ ગ્રાઉન્ડ લેવલે, એટલે કે શાળાઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે રહીને વર્ષો સુધી કામ કર્યું છે, તેમના અનુભવનો નીતિ ઘડતરમાં સીધો ઉપયોગ થવો જોઈએ.

૪. નેતૃત્વ માટે 'અનુભવ'નું કડક ધોરણ

★શિક્ષણમંત્રી: શિક્ષણમંત્રી એ જ વ્યક્તિ બની શકે, જેણે પોતાના જીવનના અમુક ચોક્કસ વર્ષો શિક્ષણ ક્ષેત્રમાં સક્રિયપણે આપ્યા હોય અને તેનો બહોળો અનુભવ હોય.

★ IAS અધિકારીઓ:

શિક્ષણ વિભાગમાં નિર્ણાયક ભૂમિકા ભજવતા છેજી અધિકારીઓની પસંદગી માટે પણ તેમનો શૈક્ષણિક સંસ્થાઓ સાથેનો ચોક્કસ વર્ષોનો કાર્યઅનુભવ જ મુખ્ય ધોરણ હોવું જોઈએ.

૫. ત્રિપાંખીયા માળખાનું સુવ્યવસ્થિત સંકલન

★ ભારતના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારી, ગ્રાન્ટેડ (અનુદાનિત) અને સેલ્ફ-ફાયનાન્સ (ખાનગી) શાળાઓની સમગ્ર વ્યવસ્થામાં મોટા સુધારા જરૂરી છે.

★ ત્રણેય પ્રકારની શાળાઓનું સંચાલન દેશના લાંબા ગાળાના હિતો અને સમાન શૈક્ષણિક સ્તરને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત કરવું આજના સમયની માંગ છે.

૬. માર્ક્સવાદથી સ્કીલ-આધારિત મૂલ્યાંકન અને ભરતી તરફ પ્રયાણ

★ આપણી સમગ્ર પરીક્ષા અને મૂલ્યાંકન પદ્ધતિને વ્યવસાયિક ઢાંચાની જરૂરિયાત મુજબ બદલવી પડશે.

★ માત્ર ગોખણપટ્ટી આધારિત માર્ક્સ કે માત્ર એક સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે



નોકરીઓ આપવાની પ્રથા બંધ થવી જોઈએ. તેના સ્થાને વિદ્યાર્થીના સાચા વ્યક્તિત્વ, તેની વિશિષ્ટ કુશળતા (Skills) અને ક્ષમતાના આધારે જ નોકરી કે ભરતીનું સિલેક્શન માળખું ગોઠવવું જોઈએ.

અંતિમ વિચાર:

- ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં આ આમૂલ ફેરફારો ખૂબ જ જરૂરી છે. જો આપણે એક સક્ષમ, નૈતિક અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવું હશે, તો શિક્ષણને રાજનીતિના ચોકઠામાંથી બહાર કાઢીને, તેને સાચા અર્થમાં સ્વાયત્ત અને 'શિક્ષણવિદોના હાથમાં' સોંપવું જ પડશે

**-મનહર રાઠોડ**
**એમડી. જ્ઞાનગુરુ એજ્યુ.હબ-ભાવનગર**

# સુરત બાદ ભાવનગરમાં પણ 'શિવભવાની સાફા પાઘડી & વેડિંગ પેલેસ'નો શુભારંભ

## સામાજિક અને રાજકીય આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ

ભાવનગર,તા.૨૦

અષાઢી બીજના શુભ દિવસે ભાવનગરના જવેલ્સ સર્કલ પાસે 'શિવભવાની સાફા પાઘડી & વેડિંગ પેલેસ'નું ભવ્ય શુભ ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. આ માંગલિક પ્રસંગે પચ્છમ (ભાલ–વગડે) દાદાબાપુધામથી પધારેલા ઉદ્ઘાટક વીરભૂષણ ધર્મરક્ષક વિજયસિંહ બાપુ અને મુખ્ય અતિથિ મામાદેવ ભગત મહેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શોરૂમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

આ અવસરે ભાવનગરના અનેક વિશિષ્ટ મહાનુભાવોએ હાજરી આપી હતી, જેમાં શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ, કારડિયા રાજપૂત સમાજના પ્રમુખ નારણભાઈ મોરી, ગુજરાત રાજ્ય નાણાં પંચના સભ્ય અને અમરેલી ભાજપ પ્રભારી અભયસિંહ ચૌહાણ તેમજ પાટણા-ભાવનગર જિલ્લા પંચાયત સદસ્ય બ્રિજરાજસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.






સાથે જ સ્ટે. ચેરમેન કિશનભાઈ મહેતા, મેયર ઉષાબેન તલરેજા, શાસક પક્ષના નેતા લાલભા વાળા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા અને પૂર્વ વિપક્ષી નેતા જયદીપસિંહ ગોહિલ સહિત કરણી સેનાના હોદ્દેદારોએ પણ હાજરી આપી હતી. તમામ આમંત્રિત મહેમાનો, સ્નેહીજનો અને શુભેચ્છકોએ પોતાની અમૂલ્ય ઉપસ્થિતિથી આ ઉદ્ઘાટન પ્રસંગની શોભા વધારી નવી શરૂઆતને બિરદાવી હતી.

# ભાવનગર બાસ્કેટબોલ લીગ સીઝન-૬ નો રોમાંચ ચરમસીમાએ: ૨૬મી એ રમાશે ફાઈનલ મેચો

## ૪૪૮ મેચોના રસાકસીભર્યા મુકાબલા બાદ 'નમહ ટીએમએક્સ' ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચ પર; ઈન્ટરનેશનલ પ્લેયર સહિજ પ્રતાપસિંગ સેખોન રહેશે મુખ્ય મહેમાન

ભાવનગર,તા.૨૦

શહેરમાં રમતગમતના ઉત્સાહને બેવડાવતી 'ભાવનગર બાસ્કેટબોલ લીગ સીઝન-૬' હવે તેના અંતિમ અને રોમાંચક તબક્કામાં પ્રવેશી ચૂકી છે. યંગસ્ટાર બાસ્કેટબોલ ક્લબ દ્વારા ભાવનગર ડિસ્ટ્રિક્ટ બાસ્કેટબોલ એસોસિએશનના સહયોગથી આયોજિત આ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૪, ૧૬, ૧૮ અને ઓપન એમ ચાર કેટેગરીમાં ૧૨૮ ભાઈઓ અને ૧૨૮ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો છે.

અત્યાર સુધીમાં કુલ ૪૪૮ મેચો રમાઈ ચૂકી છે, જેમાં શાનદાર પ્રદર્શન સાથે 'નમહ ટીએમએક્સ' ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર રહી છે.ટૂર્નામેન્ટનું આગળનું શિડ્યુલ જાહેર થતાં રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ છે. આગામી તારીખ ૨૫ જુલાઈના રોજ સવારના સેશનમાં ક્વાર્ટર ફાઈનલ અને સાંજના સેશનમાં સેમી ફાઈનલ મેચો રમાશે.

ત્યારબાદ, ૨૬ જુલાઈના રોજ સવારે થર્ડ પ્લેસ (ત્રીજા સ્થાન) માટેની મેચ અને સાંજના ભવ્ય સેશનમાં તમામ કેટેગરીની ફાઈનલ મેચો રમાશે. આ ગ્રાન્ડ ફિનાલેમાં ખાસ મુખ્ય મહેમાન તરીકે ઈન્ટરનેશનલ બાસ્કેટબોલ પ્લેયર સહિજ પ્રતાપસિંગ સેખોન ઉપસ્થિત રહી વિજેતાઓને પ્રોત્સાહિત કરશે.



# ગારિયાધારમાં રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂ -બિયરનો જથ્થો ઝડપાયો

## પાલીતાણા રોડ પર બજરંગનગરમાં રેડ દરમિયાન ૧૧,૬૪૦નો મુદ્દામાલ જપ્ત, એકની ધરપકડ

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લાના ગારિયાધારમાં પોલીસે દારૂબંધીના કડક અમલના ભાગરૂપે મોટી કાર્યવાહી કરી હતી.ગારિયાધાર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે પાલીતાણા રોડ પર એચ.પી. પેટ્રોલ પંપ સામે આવેલ બજરંગનગરમાં રહેતા તનવીર મહેબુબભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) પોતાના મકાનમાં વિદેશી દારૂનો વેપાર કરતો હોવાની બાતમી મળી હતી.

પોલીસે પંચોને સાથે રાખી તનવીરના ઘરે છાપો મારતા રૂમમાં રહેલા ગોખલામાંથી 'કિંગફિશર સુપર સ્ટ્રોંગ' બિયરના ૧૮ ટીન (કિંમત રૂ. ૨૫૨૦) અને 'રોયલ ચેલેન્જ' વ્હિસ્કીના ૪૮ ચપટા (કિંમત રૂ. ૯૧૨૦) મળી કુલ રૂ. ૧૧,૬૪૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે આ જથ્થો તે બજરંગનગરમાં જ રહેતા આદિલ યુસુફભાઈ મહેતર પાસેથી લાવ્યો હતો. પોલીસે તનવીર રાઠોડની અટકાયત કરી છે અને દારૂ પૂરો પાડનાર આદિલ મહેતર સહિત બંને વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સીનિયર સિટીઝન મહિલાઓને નિશાન બનાવતી આંતરરાજ્ય ચોરગેંગ બોટાદ LCBની જાળમાં

## ૨ મહિલા સહિત ૪ આરોપીઓ ઝડપાયા, સોનાની ચેન, કાર સહીત ૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

બોટાદ,તા.૨૦

ભાવનગર રેન્જ આઈ.જી.રાજેન્દ્ર અસારી અને બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સૂચના અને માર્ગદર્શન હેઠળ બોટાદ એલસીબીના પોલીસ સ્ટાફે સિનિયર સિટીઝન મહિલાઓને નિશાન બનાવી સોનાના દાગીનાની ચોરી કરતી એક આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે બે મહિલા સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી સોનાની ચેન, કાર સહીત મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. પકડાયેલા આરોપીઓમાં દેવેન દિલીપ કાચા, ડેનીસ અલ્પેશ સાવલિયા, નિકીતાબેન અલ્પેશ સાવલિયા અને વૈશાલીબેન દેવેન કાચાનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ રાજકોટ શહેરના રહેવાસી હોવાનુંસામેઆવ્યુંછે..પોલીસ તપાસમાં જાણવા મળ્યુંછે કે આ ચારેય આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ ચોરીના અનેક ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે આરોપીઓ પાસેથી સોનાની ચેઈન, ચાર મોબાઈલ ફોન અને મહિન્દ્રા ઠેંફ કાર સહિત કુલ રૂ. ૧૧,૦૬,૩૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.પ્રાથમિક તપાસ મુજબ, આરોપીઓ ફોરવ્હીલર કારમાં ભીડભાડવાળા વિસ્તારોમાં પહોંચીને ખાસ કરીને સિનિયર સિટીઝન મહિલાઓને નિશાન બનાવતા હતા. તેઓ નજર ચૂકવીને તેમની પાસેથી સોનાના દાગીનાની ચોરીને અંજામ આપતા હતા. બોટાદ એલસીબી હાલ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે.




# સિહોરમાં અબોલ પશુઓના મોક્ષાર્થે યોજાયો શાંતિ યજ્ઞ



તસવીર : કૌશિક વ્યાસ

સિહોરમાં YYP જીવદયા દ્વારા બિનવારસી અબોલ પશુઓ માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ સારવાર કરવામાં આવતી હોય વર્ષ દરમિયાન આ સેવાકાર્ય કરતા જાણતા અજાણતા કોઈ પશુ મૃત્યુ પામ્યું હોય તો તેમના આત્માના શાંતિ અર્થે શ્રી રાધે રાધે આશ્રમ ગૌશાળા ગોપાલદાસ બાપુના આશ્રમે શાંતિ હવનનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં આશ્રમના સેવક સમુદાય તેમજ જીવદયા પ્રેમી યુવાનો દ્વારા યજ્ઞમાં આહુતિ આપી પશુઓને મોક્ષ આપવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

# ભાવનગરના કુંભારવાડામાંથી ઈંગલીશ દારૂના પાંચ ચપટા સાથે શખ્સ ઝડપાયો

## બોરતળાવ પોલીસે રૂ.૬૬૫નો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૨૦

ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનના સ્ટાફે ખાનગી બાતમીના આધારે કુંભારવાડા વિસ્તારમાં રેડ કરીને ગેરકાયદેસર ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બોરતળાવ પોલીસ સ્ટાફ કુંભારવાડા સર્કલ પાસે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે,કુંભારવાડા મફતનગર શેરી નં.૧માં રહેતો આકાશ બીપીનભાઈ રાજગોર (ઉ.વ.૨૧) શાંતિનગર સાબુના કારખાના પાસે દારૂનું વેચાણ કરે છે.આ બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખીને દરોડો પાડ્યો હતો, જેમાં સ્થળ પરથી આકાશ રાજગોર ઝડપાઈ ગયો હતો.

આકાશ પાસે રહેલી કાપડની થેલીની તલાશી લેતા તેમાંથી 'મેકડોવેલ્સ નં. ૧ રિઝર્વ વ્હિસ્કી'ની ૧૮૦ MLની ૫ સીલબંધ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૬૬૫ ની કિંમતનો આ દારૂનો જથ્થો કબજે કર્યો હતો અને આરોપી પાસે પાસ કે પરમિટ ન હોવાથી તેની પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) અને ૧૧૬(બી) મુજબ અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર તાલુકા કક્ષાએ શાળાકીય રમત સ્પર્ધાનું ૨૦મી થી આયોજન

## ભાગ લેવા માટે ફોર્મ તા. ૨૯ જુલાઈ સુધી ભરી શકાશે

ભાવનગર,તા.૧૮

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગુજરાત સરકાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર અને જિલ્લા રમતગમત કચેરી ભાવનગર દ્વારા આયોજિત સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) શાળાકીય રમત સ્પર્ધા ૨૦૨૬-૨૭ અંતર્ગત ભાવનગર ગ્રામ્યકક્ષાએ કુલ ૧૦ તાલુકાઓમાં અન્ડર-૧૪/૧૭/૧૯ ભાઈઓ-બહેનો કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક્સ રમતોનું આયોજન તા.૨૦/૦૭/૨૦૨૬ થી કરવામાં આવનાર છે. આ દરેક સ્પર્ધામાં વિજેતા થનાર રમતવીરો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ ઉપરાંત જિલ્લાકક્ષાએ કુલ ૪૪ રમતોની સ્પર્ધાનું આયોજન તા.૦૨/૦૮/૨૦૨૬ થી થનાર છે. આ તમામ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ આગામી દિવસોમાં રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા જશે. SGFI-૨૦૨૬ સંબધિત તમામ શાળાઓએ એન્ટ્રીની વિગત અને ફોરવડ'ગ લેટર સાથે શાળાના લેટર પેડ ઉપર આચાર્યના સહિ સિક્કા (ફરજીયાત કરાવવા) તાલુકાની એન્ટ્રી સ્પર્ધા શરુ થયાના ૩(ત્રણ) દિવસ પહેલા અને જિલ્લાની એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૦૭/૨૦૨૬ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,સીદસર રોડ,ભાવનગર ખાતે જમા કરાવવાની રહેશે તેમ જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જન્મદિન શુભેચ્છા

## નિવૃત એએસઆઇ ગુલાબસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



ભાવનગર પોલીસ વિભાગના નિવૃત એએસઆઈ ગુલાબસિંહ જાડેજાનો આજે તા. ૨૦ ના જન્મદિવસ છે. સતત ૩૭ વર્ષ સુધી પોલીસ ડિપાર્ટમેન્ટમાં સેવા આપનાર ગુલાબસિંહે વરતેજ -લોકલ ક્રાઈમ બ્રાન્ચ -અલંગ -ઘોઘારોડ પોલીસ સ્ટેશન-પોલીસ કંટ્રોલ રૂમ -બોટાદ તેમજ -સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર -બ્રહ્મ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવેલ છે. તેઓ ભાવનગરની પાર્શ્વ ભક્તિ સંસ્થા મેઘાણી સર્કેલ ખાતે જરૂરિયાત મંદ લોકોને કીટ વિતરણની સેવા તેમજ સર્વમિત્ર કે.આર. દોશી કોલેજ ગ્રુપમાં કિડની તેમજ ડાયાલીસીસના દર્દીઓના કેમ્પના આયોજનમાં સેવા આપે છે તેમજ રૂવાપરી રોડએક્સેલ ઈન્ડસ્ટ્રીઝ સામે લેપ્રસિ(રક્તપીત)ના દર્દીની કોલોની ખાતે નવસર્જન ગ્રુપ સંચાલિત હોસ્પિટલના કામમાં અને કામધેનુ ગૌશાળા જુના બંદર ખાતે સેવા આપે છે. વરતેજ ખાતે રેલવે સ્ટેશન પાસે આવેલ શ્રી બાલા હનુમાનજી મંદિરના પણ સેવક છે. તેમજ વૈશ્વિક નવ-પ્રસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે. મો. ૯૪૨૬૯૦૨૨૩૩.

## હોટલ રાજ પરિવારના સંચાલક ધર્મરાજસિંહ ચુડાસમાનો જન્મદિવસ

બાવળિયાળી ખાતે આવેલી હોટલ રાજ પરિવારના સંચાલક અને લેન્ડ ડેવલોપર તથા સેવાભાઈ અને લોકપ્રિય એવા ધર્મરાજસિંહજી ચુડાસમાનો આજે જન્મદિવસ છે. "સેવા, સંસ્કાર અને સફળતાની આગવી ઓળખ ધરાવતા ધર્મરાજસિંહનું વ્યક્તિત્વ અનેકની પ્રેરણાસ્તરો છે. મિત્રો, વડીલો તથા પરિવારજનો અને શુભેચ્છકોએ તેમને ઉત્તમ સ્વાસ્થ્ય, અખૂટ સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુષ્ય અર્પે.તેવી શુભકામના પાઠવી હતી તેઓ પોતાનો જન્મ દિવસ સેવાકાર્યો સાથે ઉજવાશે તેમને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો. મોં.ન.૮૯૦૫૫૧૫૧૫૧.

# ભાણગઢ ગામેથી બિન અધિકૃત કફ સીરપની બોટલો વેચતો શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લામાં અલગ અલગ જગ્યાએથી પોલીસ દ્વારા બિન અધિકૃત કફ સીરપના જથ્થા સાથે વિતરણ કરતા શખ્સોને ઝડપી પાડયાના બનાવો હજુ તાજા છે ત્યારે સિહોર પોલીસ અને એસઓજીની સંયુક્ત રેડ દરમિયાન વધુ એક સિહોર તાલુકાના ભાણગઢ ગામેથી કફ સીરપના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. સિહોર પોલીસ સ્ટેશનના સ્ટાફ અને એસઓજી સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સિહોર પાસેના ભાણગઢ ગામે બજરંગદાસ બાપાની મઢુલી પાસે હસમુખ ગોપાલભાઈ પરમારના કબજામાંથી બિન અધિકૃત કફ સીરપની ૧૮૪ બોટલો (કિ.રૂ. ૩૬૪૩૨) અને એક મોબાઈલ (કિ.રૂ.૫૦૦૦) મળી કુલ રૂપિયા ૪૧૪૩૨ના મુદ્દામાલ સાથે હસમુખભાઈની અટક કરેલ છે. આ અંગે વધુ પુછપરછ કરતાં તેઓએ આ બોટલો નાગજી કાનજીભાઈ ચુડાસમા પાસેથી વેચાણ કરવાના હેતુથી ખરીદી હોવાનું જણાવેલ.આ બનાવ અંગે સિહોર પોલીસે બંને વિરૂધ્ધ એન.ડી.પી.એકટની કલમ ૮ સી, ૨૧ સી, ૨૯ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





તસવીર : કૌશિક વ્યાસ

### જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી.નં ૧૦૪/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૧/૦૫/૧૯૬૬**

**શ્રી ઉજીબેન ગોપાભાઈ સાચપરા,**
**રહે.બુધેલ, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**બુધેલ ગ્રામ પંચાયત કચેરી, મુ. બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઉજીબેન ગોપાભાઈ સાચપરા રહે.બુધેલ, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી જશુબેન ગોપાભાઈ સાચપરાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૬૬ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી. પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

### જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૧/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૨/૧૦/૧૯૭૪**

**શ્રી જસવંતરાય દામોદરદાસ ભડીયાદ્રા,**
**રહે. રક્ષા નિવાસ, ભાદેવાની શેરી, ભાનો ડેલો,**
**ભાવનગર, મો-૭૮૭૪૮૭૮૧૧૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જસવંતરાય દામોદરદાસ ભડીયાદ્રાએ તેમના પુત્રી ભાવના જસવંતરાય ભડીયાદ્રાનો જન્મ તા.૨૨/૧૦/૧૯૭૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૦૭/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૮/૦૯/૧૯૮૪**

**શ્રી સરસ્વતીબેન કાન્તિભાઇ કહાર,**
**રહે. તિલકનગર, દેવીપુજકવાસ, બૌચરમાના મંદીર પાછળ,**
**ભાવનગર. મો.૭૮૭૪૮૭૮૧૧૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સરસ્વતીબેન કાન્તિભાઇ કહારએ તેમના પુત્રી સોનલબેન કાન્તિભાઇ કહારનો જન્મ તા.૦૮/૦૯/૧૯૮૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી.નં ૬૨/૨૦૨૬**
**મરણ તા. ૦૧/૦૧/૧૯૯૯**

**શ્રી બચુભાઈ જોધાભાઈ માલકીયા**
**રહે,ગણેશગઢ, તા.જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ગણેશગઢ,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બચુભાઈ જોધાભાઈ માલકીયા રહે,ગણેશગઢ, તા.જી.ભાવનગરએ તેમના માતા સુશ્રી ઝરીબેન જોધાભાઈ માલકીયાનું મરણ તા. ૦૧/૦૧/૧૯૯૯ના રોજ ગણેશગઢ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી. પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

# રશિયાએ યુક્રેનના કિવ પર કર્યા વિનાશક હુમલા

## એક વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેણે શહેરના કેન્દ્રમાં પાર્ક કરેલી કારના એલાર્મ વાગી ગયા

કિવ,

યુક્રેનિયન સેનાએ રશિયામાં ઈ-કોમર્સ વેરહાઉસ પર ડ્રોનનો ઘાતક હુમલો કર્યા પછી, બદલામાં રશિયન દળોએ યુક્રેનની રાજધાની કિવમાં કરેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું અને ૧૩ અન્ય ઘાયલ થયા.

તાજેતરનો બોમ્બમારો યુક્રેન માટે તેના પાંચમા વર્ષમાં બેવડા પડકારને ઉજાગર કરે છે, જે લગભગ દરરોજ રશિયન હુમલાઓનો સામનો કરી રહ્યો છે અને તેના લશ્કરી નેતૃત્વમાં અચાનક યુદ્ધ સમયના પરિવર્તનને કારણે દુર્લભ સ્થાનિક રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યો છે.

યુક્રેનના કિવના મીડિયા સૂત્રોએ યુક્રેનિયન વાયુસેના દ્વારા ટેલિગ્રામ દ્વારા રહેવાસીઓને આવનારી બેલિસ્ટિક મિસાઈલોની ચેતવણી આપ્યા પછી થોડીવારમાં વિસ્ફોટો સાંભળ્યા.

એક વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેણે શહેરના કેન્દ્રમાં પાર્ક કરેલી કારના એલાર્મ વાગી ગયા.

યુક્રેનની રાજ્ય કટોકટી સેવાઓએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને ૧૩ અન્ય ઘાયલ થયા છે જે પોલીસે છ જિલ્લાઓને નિશાન બનાવ્યા હોવાનું જણાવ્યું હતું.

કિવના મેયર વિટાલી ક્લિત્સ્કો અને સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, સોલોમિઆન્સ્કી જિલ્લામાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગને ત્રાટક્યું હતું અને સુપરમાર્કેટમાં આગ લાગી હતી, જ્યારે સ્વિયાટોશિન્સ્કી



જિલ્લામાં એક ઘર સળગી ગયું હતું.

ડિનિપ્રોવ્સ્કી જિલ્લામાં એક શોપિંગ અને મનોરંજન કેન્દ્ર, શેવચેક્વિવસ્કી જિલ્લામાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ અને એક બિન-રહેણાંક ઈમારત પર પણ હુમલાના અહેવાલો મળ્યા છે.

ડિનિપ્રોપેટ્રોવસ્કમાં, જે ફ્રન્ટલાઈનની સરહદે આવેલો મધ્ય પ્રદેશ છે, રશિયન ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, પ્રાદેશિક અધિકારી ઓલેક્ઝાન્ડર ગાન્ઝાએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું.

રશિયન બાજુએ, કુર્સ્ક પ્રદેશમાં યુક્રેનિયન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જે ફ્રન્ટલાઈનની નજીક છે, પ્રાદેશિક ગવર્નર એલેક્ઝાન્ડર ખિન્શ્ટેઈને ટેલિગ્રામ પર જણાવ્યું હતું. રશિયા ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણ શરૂ કર્યું ત્યારથી લગભગ દરરોજ કિવ અને અન્ય યુક્રેનિયન શહેરો પર ડ્રોન અને મિસાઈલો ફાયર કરી રહ્યું છે.

- રશિયામાં થયેલ હુમલા -

શનિવારે, યુક્રેને મોસ્કો અને ટેમ્બોવ પ્રદેશોમાં ઈ-કોમર્સ વેરહાઉસને નષ્ટ કરવા માટે હુમલો ડ્રોન મોકલ્યા, જેમાં આઠ લોકો માર્યા ગયા અને મોટી આગ લાગી. યુક્રેનમાં, શનિવારે દેશના દક્ષિણપૂર્વમાં ફેલાયેલા પ્રદેશોમાં રશિયન હુમલાઓમાં પાંચ લોકો માર્યા ગયા અને લગભગ ૨૦ અન્ય ઘાયલ થયા. "આપણા નાગરિક માળખા અને આપણા શહેરો અને સમુદાયો પર રશિયન હુમલાઓના જવાબમાં, બે મુખ્ય લોજિસ્ટિક્સ સુવિધાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો.

# બદ્રીનાથ ધામ દાન ચોરી કેસઃ SIT એ BKTC પાસેથી છેલ્લા ૩ વર્ષનો દાન રેકોર્ડ માંગ્યો

દહેરાદુન,

ઉત્તરાખંડના ચમોલી પોલીસની એક ખાસ તપાસ ટીમ (SIT) દ્વારા કથિત બદ્રીનાથ ધામ દાન ચોરી કેસના સંદર્ભમાં બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિ (BKTC) પાસેથી છેલ્લા ત્રણ વર્ષનો દાન રેકોર્ડ માંગ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ અત્યાર સુધી ધરપકડ કરાયેલા બે આરોપીઓ ઉપરાંત વધુ લોકોની સંડોવણીની પણ તપાસ કરી રહ્યા છે.

બદ્રીનાથ સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) મહાદેવ ઉનિયાલે જણાવ્યું હતું કે, "અમારી તપાસ આગળ વધતાં, અમે BKTC ને છેલ્લા ત્રણ વર્ષનો દાન રેકોર્ડ પ્રદાન કરવા કહ્યું છે." તેમણે કહ્યું, "અમે બંને આરોપીઓ વિરુદ્ધ નક્કર પુરાવા મળ્યા બાદ તેમની ધરપકડ કરી છે. અમને શંકા છે કે ચોરીમાં વધુ લોકો સંડોવાયેલા હોઈ શકે છે. તેમની સામે પુરાવા એકત્રિત કરવામાં સમય લાગશે. તપાસ હજુ પ્રારંભિક તબક્કામાં છે."

શુક્રવારે SIT એ નિવૃત્ત BKTC મંદિર અધિકારી રાજેન્દ્ર ચૌહાણની ૩૦ જૂને નિવૃત્તિ લેતા પહેલા ત્રણ વખત ગણતરી ખંડમાંથી રોકડ ચોરી કરવાના આરોપમાં ધરપકડ કરી હતી. પોલીસે બદ્રીનાથ મંદિરમાં ચૌહાણને ફાળવવામાં આવેલા રહેઠાણ પર દરોડા દરમિયાન વિદેશી ચલણ અને અન્ય સંપત્તિ પણ જપ્ત કરી હતી. ઉનિયાલે જણાવ્યું હતું કે, "અમે બદ્રીનાથ ધામમાં મંદિર અધિકારી તરીકે આરોપીને ફાળવવામાં આવેલા રૂમમાંથી વિદેશી ચલણ, કેસર અને ઘી જેવી અન્ય સામગ્રી જપ્ત કરી હતી."

શનિવારે ચૌહાણને ચમોલીની સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાંથી તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

અગાઉ, અધ્યક્ષ કાર્યાલયના સસ્પેન્ડ કરાયેલા અંગત સહાયક પ્રમોદ નૌટિયાલની દેહરાદૂન સ્થિત તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. ઉનિયાલે ગયા અઠવાડિયે કહ્યું હતું કે નૌટિયાલ તપાસકર્તાઓને કથિત રીતે સહકાર આપી રહ્યા નથી. પોલીસે અત્યાર સુધી નૌટિયાલ પાસેથી શાલીગ્રામ પથ્થર સિવાય કોઈ ચોરાયેલી રોકડ, સોના અને ચાંદીના સિક્કા જપ્ત કર્યા નથી.

કથિત દાનની ચોરીની અનેક મોરચે તપાસ ચાલી રહી છે. મ્દ્ધઝ દ્વારા રચાયેલી ચાર સભ્યોની આંતરિક સમિતિએ સમિતિના અધ્યક્ષને પોતાનો પ્રારંભિક અહેવાલ સુપરત કર્યો છે. અલગથી, એક પોલીસ જીૅ આ કેસની તપાસ કરી રહી છે, જ્યારે ઉત્તરાખંડ સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ સ્વતંત્ર તપાસ કરી રહી છે.

# દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી ખસેડવાની અરજી ફગાવી

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલી જે એંગ્મોની સફદરજંગ હોસ્પિટલમાંથી ખાનગી સુવિધામાં ખસેડવાની અરજી ફગાવી દીધી હતી.

હાઈકોર્ટે કહ્યું કે કાર્યકર્તાના શારીરિક સ્વાયત્તતાના અધિકારનું ઉલ્લંઘન થયું નથી, અને સરકાર દ્વારા તેમને ત્યાં ખસેડવાનું પગલું તેમના બગડતા સ્વાસ્થ્યને કારણે હતું અને તે મનસ્વી નહોતું. જસ્ટિસ મીની પુષ્કર્ણાની એકલ ન્યાયાધીશની બેન્ચે કેન્દ્ર સરકારનો બચાવ કર્યો અને કહ્યું કે તેમને હસ્તક્ષેપ કરવાનો અધિકાર છે કારણ કે NEET UG પેપર લીકને લઈને દિલ્હીમાં ભૂખ હડતાળ પર રહેલા કાર્યકર્તાએ સતત બગડતી તબિયત છતાં પોતાને હોસ્પિટલમાં દાખલ કર્યા ન હતા.

# ભારે વરસાદના કારણે જમ્મુ અને કાશ્મીરમાં અનેક સ્થળોએ અચાનક પૂર અને ભૂસ્ખલન

## પૂંછમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછા ૪ લોકોના મોત, અનેકની શોધખોળ ચાલુ

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરમાં સતત વરસી રહેલા વરસાદથી રાજૌરી શહેરમાં અચાનક પૂર આવ્યું હતું, જેના કારણે સેંકડો રહેવાસીઓને સલામત સ્થળોએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, જેમાં આજે વહેલી સવારે બેલા કોલોની ખાતે નવા બસ સ્ટેન્ડ સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મીડિયા સુત્રોના અહેવાલ મુજબ નદીઓના વહેણ તેમના કાંઠા તૂટવાથી ડઝનબંધ વાહનો તણાઈ ગયા હતા અથવા ડૂબી ગયા હતા, જેના કારણે વ્યાપક વિક્ષેપ સર્જાયો હતો. સ્થાનિક વહીવટીતંત્રની મદદથી બચાવ અને રાહત ટીમો અસરગ્રસ્ત પરિવારોને બહાર કાઢવા અને અચાનક પૂરમાં જાહેર અને ખાનગી સંપત્તિને થયેલા ભારે નુકસાનનું મૂલ્યાંકન કરવામાં રોકાયેલી હતી. હવામાન સલાહકારે ૨૩ જુલાઈ સુધી જમ્મુ અને કાશ્મીરમાં મધ્યમથી ભારે



વરસાદની ચેતવણી આપી હતી, તેમ છતાં, સરહદી જિલ્લા રાજૌરીમાં શનિવારે સાંજથી અવિરત વરસાદ પડ્યો હતો, જેના કારણે રાત્રે ભારે વરસાદ પછી નદીઓ અને નાળાઓ છલકાઈ ગયા હતા. રાજૌરીની બધી નદીઓ, જેમાં દરહાલી, ખાંડલી, સુક્તોહ અને જામોલાનો સમાવેશ થાય છે, પૂર આવી ગયું હતું, જેમાં મોટાભાગની નદીઓ ભયના નિશાનની નજીક અથવા તેનાથી પણ ઉપર વહેતી હતી, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા હતા. રાજૌરી શહેરના બેલા કોલોની નજીક દરહાલી નદીમાં પૂર સંરક્ષણ દિવાલ તૂટી ગઈ હતી, જેના કારણે પૂરનું પાણી નવા બસ સ્ટેન્ડમાં પ્રવેશ્યું હતું, જ્યાં ડઝનબંધ વાહનો તણાઈ ગયા હતા અથવા ડૂબી ગયા હતા.

પૂરના કારણે અબ્દુલ્લા બ્રિજ નજીક ઝૂંપડપટ્ટીમાં પણ ભારે અસર પડી હતી, જેના કારણે ૫૦ થી વધુ પરિવારોને ભાગી જવાની ફરજ પડી હતી કારણ કે પાણી ઘરો અને આસપાસના વિસ્તારોમાં ઘૂસી ગયું હતું. તારિક બ્રિજ નજીકના વિસ્તારમાં પણ પૂરના પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે પોલીસે અસંખ્ય કટોકટીના કોલનો જવાબ આપ્યો હતો અને રહેવાસીઓને નદી કિનારાથી દૂર સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવામાં મદદ કરી હતી. હવામાન આગાહીને કારણે પૂરના ભયને ધ્યાનમાં રાખીને, પોલીસ ટીમો સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરતી જોવા મળી હતી, જાહેર જાહેરાતો કરતી હતી અને નદી કિનારા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા રહેવાસીઓને તાત્કાલિક સ્થળાંતર કરવા વિનંતી કરતી જોવા મળી હતી. જિલ્લા વહીવટીતંત્રે રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપી છે, જ્યારે પોલીસે બદલાતી પરિસ્થિતિ પર નજર રાખવા અને પૂરથી પ્રભાવિત લોકોને સહાય પૂરી પાડવા માટે કંટ્રોલ રૂમ સ્થાપ્યા છે. દરમિયાન, કટરાના સબ-ડિવિઝનલ એડમિનિસ્ટ્રેશન દ્વારા ચોમાસા આપત્તિ વ્યવસ્થાપન માટે એક કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે જેથી ઝડપી પ્રતિભાવ અને અસરકારક સંકલન સુનિશ્ચિત થાય.

# બારાબાંકીમાં લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોરનો મુખ્યમંત્રી યોગી શિલાન્યાસ કરશે

## કોરિડોર ૨૦ વીઘામાં ફેલાયેલો હશે, ૪૮ કરોડ વળતર તરીકે ચૂકવવામાં આવશે

બારાબાંકી,

આજે તા. ૨૦ જુલાઈના રોજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોરનો શિલાન્યાસ કરશે. મુખ્યમંત્રી યોગી દ્વારા રૂબરૂ આ સ્થળની મુલાકાત લેવામાં આવશે અને બારાબંકીમાં કોરિડોરનો શિલાન્યાસ કરશે. યુપી સરકાર ચૂંટણી પહેલા લોધેશ્વર મહાદેવ મંદિર કોરિડોર પૂર્ણ અને ઉદ્ઘાટન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. એવું માનવામાં આવે છે કે આ કોરિડોર દ્વારા, ભાજપ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવની પીડીએ રાજકીય વ્યૂહરચનામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહી છે.

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૮૧/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૧/૦૯/૧૯૭૪**

**શ્રી રફીકભાઇ જમાલભાઇ કળદોરિયા,**
**રહે. ડાઇદજર્ણનનો ખાંચાની સામે, નવાપરા,**
**ભાવનગર મો.નં.૯૮૯૮૪૦૮૦૧૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રફીકભાઈ જમાલભાઈ કળદોરિયાએ તેમનો જન્મ તા.૦૧/૦૯/૧૯૭૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૮૪/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૩/૦૪/૧૯૭૩**

**શ્રી ઉસ્માન મુસાભાઇ ડેરૈયા,**
**રહે. ડોસલીનું નેરૂ, ચબુતરા પાસે, નવાપરા,**
**ભાવનગર મો.નં.૯૯૯૮૮૫૩૫૦૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઉસ્માન મુસાભાઈ ડેરૈયાએ તેમનો જન્મ તા.૦૩/૦૪/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

**રજી નં.૯૯/૨૦૨૬**

**અરજદારશ્રી :- દેવશીભાઈ રત્નાભાઈ વરિયા**
**મું. ગોરસ (હાલ સિંગણપોર રોડ સુરત) તા.મહુવા જી. ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. ગોરસ તા મહુવા જી ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ગોરસ ગામના રહીશ શ્રી દેવશીભાઈ રત્નાભાઈ વરિયાએ તેમના પુત્રી મનીષબેન દેવશીભાઈ વરિયાનો જન્મ ૦૩-૦૮-૧૯૮૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો. આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

**કોર્ટનો સિક્કો**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૦૬/૨૦૨૬**
**જન્મ તા.૦૧/૧૧/૨૦૦૦**

**શ્રી સાયરાબેન યુનુસભાઇ મકવાણા,**
**રહે.પ્લોટ નં.૧૩૨, માધવનગર, સિહોર, જિ.ભાવનગર-૩૬૪૨૪૦.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**કમળેજ ગ્રામ પંચાયત કચેરી, મુ. કમળેજ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સાયરાબેન યુનુસભાઈ મકવાણા રહે.પ્લોટ નં.૧૩૨, માધવનગર, સિહોર,જિ.ભાવનગર-૩૬૪૨૪૦એ પોતાના પુત્રી શ્રી રોજીના યુનુસભાઈ મકવાણાનો જન્મ તા.૦૧/૧૧/૨૦૦૦ના રોજ કમળેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૦૭/૨૦૨૬**
**જન્મ તા.૨૨/૦૧/૨૦૦૪**

**શ્રી આસિફભાઇ અબ્દુલસતારભાઇ હાસમાણી,**
**રહે.ફ્લેટ નં.૫૦૧, નુરેન પાર્ક, પ્લોટ નં.૫૧/બી,**
**હરીયાલા પ્લોટ, પ્રભુદાસ તળાવ,શીશુવિહાર,ભાવનગર-૩૬૪૦૦૧.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**વરતેજ ગ્રામ પંચાયત કચેરી, મુ. વરતેજ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી આસિફભાઈ અબ્દુલસતારભાઈ હાસમાણી રહે.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી અર્શી આસિફભાઈ હાસમાણીનો જન્મ તા.૨૨/૦૧/૨૦૦૪ના રોજ વરતેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૭૮/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૧/૦૨/૧૯૭૯**

**શ્રી વાઘેલા તુળશીભાઇ મંગાભાઇ,**
**રહે. એરોડ્રામ રોડ, રામાયણચોક, ગામ-રૂવા,**
**તા.જિ.ભાવનગર. મો.૯૯૯૮૪૧૦૪૩૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાઘેલા તુળશીભાઈ મંગાભાઈએ તેમના પુત્ર શૈલેશભાઈ તુળશીભાઈ વાઘેલાનો જન્મ તા.૦૧/૦૨/૧૯૭૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**અરજી રજી નં ૯૦/૨૦૨૬**
**જન્મ.તા.૨૫/૦૯/૨૦૦૫**

**શ્રી બટુકભાઇ હરજીભાઇ ચુડાસમા,**
**રહે. મુ.ખરકડી. તા.ઘોઘા,જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બટુકભાઈ હરજીભાઈ ચુડાસમા રહે. મુ.ખરકડી. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રી હેતલબેન બટુકભાઇ ચુડાસમાનો જન્મ તા.૨૫/૦૯/૨૦૦૫નાં રોજ ગામ:- ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ડુમ્મર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૪/૦૯/૧૯૭૫**

**શ્રી સરીફાબેન અબ્દુલભાઈ રાધનપુરી,**
**રહે. ૨૦૩, કાજીવાડ, બાર્ટન લાઈબ્રેરી પાસે. નળ પાસે. ચોકમાં**
**ભાવનગર. મો-૭૮૭૪૮૭૮૧૧૨**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સરીકાબેન અબ્દુલભાઈ રાધનપુરીએ તેમના પુત્ર આબીદ અબ્દુલ્લા રાધનપુરીનો જન્મ તા.૧૪/૦૯/૧૯૭૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી.નં ૧૧૮/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૧/૦૭/૧૯૭૩**

**શ્રી સમુબેન રાજાભાઇ સરવૈયા,**
**રહે.હનુમાન ડેરીના બાજુમાં, રામપર, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રામપર ગ્રામ પંચાયત કચેરી, મુ. રામપર, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સમુબેન રાજાભાઈ સરવૈયા રહે. હનુમાન ડેરીના બાજુમાં, રામપર, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી હિમંતભાઈ રાજાભાઈ સરવૈયાનો જન્મ તા.૨૧/૦૭/૧૯૭૩ના રોજ રામપર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી. પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી.નં ૧૧૬/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૧/૦૭/૧૯૯૫**

**શ્રી હિમંતભાઈ રાજાભાઈ સરવૈયા,**
**રહે.હનુમાન ડેરીના બાજુમાં, રામપર, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રામપર ગ્રામ પંચાયત કચેરી, મુ. રામપર, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હિમંતભાઈ રાજાભાઈ સરવૈયા રહે. હનુમાન ડેરીના બાજુમાં, રામપર, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી અલ્પાબેન હિમંતભાઈ સરવૈયાનો જન્મ તા.૨૧/૦૭/૧૯૯૫ના રોજ રામપર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી. પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

# મહુવાના યુવક અને તેની પત્નીનું સુરતમાં રહસ્યમય મોતઃ એનિવર્સરીનાં બીજા જ દિવસે કરુણાંતિકા

## મહુવા તાલુકાના ખડસલીયા ગામના પરિવારે જુવાનજોધ દીકરો-વહુ ગુમાવ્યા; પંખા પર લટકતો પતિ અને જમીન પર ચાદર ઓઢેલી પત્નીનો મૃતદેહ મળતા ચકચાર



ભાવનગર,તા. ૨૦

સુરતના કતારગામ ડભોલી વિસ્તારમાં આવેલી કિસ્મત કોલોનીમાં રહેતા અને મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ખડસલીયા ગામના વતની નવદંપતીના લગ્નની પ્રથમ વર્ષગાંઠના બીજા જ દિવસે રહસ્યમય સંજોગોમાં મોત નિપજતાં મહુવા અને સુરત પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. ૨૩ વર્ષીય પતિ અભય ગિરીશભાઈ કાતરીયા ઘરના પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે તેની ૧૯ વર્ષીય પત્ની દિશા નીચે જમીન પર ચાદર ઓઢેલી મૃત હાલતમાં મળી આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. આ કરુણ ઘટનાથી ખડસલીયા ગામમાં રહેતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહુવાના વતની અને હાલ સુરતમાં રહેતો અભય લિફ્ટ રિપેરિંગનું કામ કરતો હતો. તેણે એક વર્ષ પહેલાં ઝારખંડની વતની દિશા સાથે પ્રેમલગ્ન (કોર્ટ મેરેજ) કર્યા હતા. રવિવારે અભયના માતા-પિતા પોતાના રોજિંદા કામ અર્થે બહાર ગયા હતા ત્યારે ઘરમાં આ ઘટના ઘટી હતી. અભયના કાકી પિન્કીબેને જ્યારે રૂમનો દરવાજો ખોલ્યો ત્યારે સામેનું બિહામણું દૃશ્ય જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમણે તાત્કાલિક પરિવારને અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી, પરંતુ તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. કતારગામ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

આ કરુણ ઘટના પાછળનો સૌથી મોટો વળાંક એ છે કે શનિવારે જ આ નવદંપતીના લગ્નની પ્રથમ મેરેજ એનિવર્સરી હતી. પોતાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે બંને બહાર ફરવા પણ ગયા હતા. પરિવાર ઉજવણી માટે ખાસ કેક અને નવા કપડાં પણ લાવ્યો હતો, પરંતુ ફરવા જઈને પરત ફરેલા અભયે ભારે થાક લાગ્યો હોવાનું કહીને કેક રવિવારે કાપવાનું જણાવ્યું હતું. કોને ખબર હતી કે જે કેક રવિવારે કાપવાની હતી, તે દિવસ જ તેમની જિંદગીનો આખરી દિવસ બની જશે! પત્નીનો મૃતદેહ ચાદર ઓઢાડેલી હાલતમાં મળતા આ હત્યા છે કે આત્મહત્યા તે અંગે રહસ્ય ઘેરાયું છે. પોલીસે બંનેના મોબાઈલ ફોન કબજે લઈ કૌટુંબિક વિવાદ કે અન્ય કોઈ માનસિક તણાવના એંગલથી તપાસ હાથ ધરી છે.

## પ્રકૃતિની ખોળે સવારનું મનોહર આગમન...



રાતના અંધકારને ચીરીને જ્યારે સૂરજદેવ આંગણે પધારે છે,ત્યારે દરેક પળમાં એક નવી જીવંતતા ભરાઈ જાય છે.વૃક્ષની એ સોહમણી ડાળીઓ જાણે સવારનું સ્વાગત કરવા આકાશ તરફ હાથ ફેલાવી રહી હોય,તેવું આ દ્રશ્ય આંખને ખૂબ જ ઠંડક આપે છે.પક્ષીઓના કૂંડાની પાછળથી ડોકિયું કરતો આ સૂર્યોદય,કેમેરાની નજરે એક એવી સવારનું સ્વાગત કરી રહ્યો છે,જે સમગ્ર દિવસ માટે નવી સ્ફૂર્તિ અને આશાઓ લઈને આવી છે.

-દિપક માળી

# સુભાષનગરમાં મહિલાને પૂર્વ પ્રેમીએ જાનથી મારી નાખવાની ધમકી આપી!

ભાવનગર,તા.૨૦

ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં મહિલા વેપારીને તેના પૂર્વ પ્રેમી દ્વારા ધમકાવવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુભાષનગરમાં મોડેક્ષ ફ્લેટમાં રહેતા અને જગન્નાથ મંદિર સામે સમોસાની લારી ચલાવતા વિધવા મહિલા જંખનાબેન મેર (ઉ.વ.૨૯) ગત રાત્રે પોતાની લારીએ હાજર હતા ત્યારે પૂર્વ પ્રેમીએ ગાળો આપી ધમકી આપ્યાનો બનાવ બન્યો હતો.

સુભાષનગર વાઘેલાવાળા ખાંચામાં રહેતો રોહિત ઉર્ફે રૂતિક ગોહેલ, જેની સાથે મહિલાને પાંચ વર્ષથી પ્રેમ સંબંધ હતો, તેણે ત્યાં આવીને ફોટા પરત માંગ્યા હતા. મહિલાએ ઈનકાર કરતા રોહિત ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપી "તને પણ જીવતી નહી મૂકું" તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી છેલ્લા ત્રણ મહિનાથી મહિલા પર શંકા રાખી હેરાન કરતો હતો. આ બનાવથી ગભરાયેલા જંખનાબેને પોતાની માતા સાથે જઈને ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં રોહિત ઉર્ફે રૂતિક ગોહેલ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**શંકાશીલ પ્રેમીએ ફોટા પરત માંગવાના બહાને ઝઘડો કરી ગાળો ભાંડી, ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

# શ્વાસનળીમાં ફસાયેલ સિંગદાણો દૂર કરવા સફળ ઓપરેશન : બાળકને નવજીવન

## ડૉ કૈવંત પટેલ દ્વારા શ્વાસનળીમાં ફસાયેલ શીંગદાણાને ઈમરજન્સીમાં બ્રોન્કોસ્કોપી દ્વારા સફળતા પૂર્વક દૂર કરાયો



ભાવનગર,તા.૨૦

સમયસર યોગ્ય સારવાર અને ફેફસાના નિષ્ણાત ડૉ કૈવંત પટેલની કુશળતાના કારણે દોઢ વર્ષના એક બાળકને નવજીવન મળ્યું હોવાનો પ્રેરણાદાયક કિસ્સો સાચપરા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ કાળીયાબીડ ખાતે બન્યો છે. જ્યાં દોઢ વર્ષના એક માસૂમ બાળકને અચાનક ગંભીર શ્વાસની તકલીફ થતાં ઈમરજન્સીમાં દાખલ કરવામાં આવ્યો હતો. તબીબી તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બાળકની જમણી મુખ્ય શ્વાસનળીમાં શીંગદાણો ફસાઈ ગયો હતો. શ્વાસ લેવાનો આ મુખ્ય માર્ગ બંધ થઈ જતાં બાળકની સ્થિતિ અત્યંત ગંભીર અને જીવનજોખમી બની ગઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતા અને સમયનું મહત્વ સમજી હોસ્પિટલના ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજિસ્ટ ડૉ. કૈવંત પટેલે તાત્કાલિક ઈમરજન્સી બ્રોન્કોસ્કોપી કરવાનો નિર્ણય લીધો. દોઢ વર્ષના બાળકમાં આ પ્રક્રિયા અત્યંત જટિલ અને જોખમસભર ગણાય છે, કારણ કે બાળકની શ્વાસનળી ખૂબ જ સાંકડી અને નાજુક હોય છે. આથી પ્રક્રિયા દરમિયાન મુખ્ય શ્વાસનળી અને બ્રોન્કસને ઈજા થવાની સંભાવના પણ હોય છે.

આવી ગંભીર સ્થિતિમાં ડૉ. કૈવંત પટેલે મુખ્ય ઓપરેટિંગ ડૉક્ટર તરીકે મોરચો સંભાળ્યો. પ્રોસીજર દરમિયાન પીડિયાટ્રિશિયન (બાળરોગ નિષ્ણાત) ડૉ વિશાલ સોલંકી તથા એનેસ્થેસીયા નિષ્ણાતના ઉત્તમ સંકલન અને ટીમવર્ક સાથે શ્વાસનળીમાંથી શીંગદાણો સફળતાપૂર્વક બહાર કાઢી બાળકને નવજીવન આપ્યું. સફળ સારવાર બાદ બાળકનો શ્વાસ સંપૂર્ણપણે સામાન્ય બન્યો છે અને બીજા જ દિવસે સ્વસ્થ રીતે બાળકને રજા આપવામાં આવી.

આ સફળ પ્રોસીજર બાદ ડૉ. કૈવંત શિરીષકુમાર પટેલે સામાન્ય જનતા અને ખાસ કરીને નાના બાળકોના વાલીઓને જાગૃત કરતાં કેટલીક અત્યંત મહત્વપૂર્ણ સલાહ આપી છેઃ ૫ વર્ષથી નાના બાળકો ખૂબ જ જિજ્ઞાસુ હોય છે અને કોઈપણ નાની વસ્તુ સીધી મોંમાં નાખવાની ટેવ ધરાવે છે. તેથી શીંગદાણા, ચણા, ડ્રાયફ્રૂટ્સ, સિક્કા, નાના બટન, સેફ્ટી પિન કે રમકડાંના નાના પાર્ટ્સ બાળકોની પહોંચથી દૂર રાખવા.તેમજ બાળક જયારે ખાતું હોય ત્યારે તેને હસાવવું કે રડાવવું નહીં. ખાતા-ખાતા દોડવાની કે રમવાની આદતને કારણે આવી વસ્તુઓ અન્નનળીના બદલે સીધી શ્વાસનળીમાં જવાની સંભાવના વધી જાય છે. જો બાળક અચાનક ગૂંગળામણ અનુભવે, તેનો અવાજ બેસી જાય, અચાનક તીવ્ર ખાંસી ઉપડે કે શ્વાસ લેતી વખતે સીટી જેવો અવાજ આવે, તો સમજવું કે શ્વાસનળીમાં કંઈક ફસાયું છે. આવી સ્થિતિમાં ઘરેલું દેશી ઉપચારોમાં સહેજ પણ સમય બગાડ્યા વિના તુરંત જ સુપર-સ્પેશિયાલિસ્ટ પલ્મોનોલોજિસ્ટનો સંપર્ક કરવો. સમયસરનું સચોટ નિદાન અને સારવાર જ બાળકનો જીવ બચાવી શકે છે. તેમ જણાવ્યું હતું.

# ગારીયાધારમાંથી ૧૪ વર્ષની કિશોરીનું અપહરણ, પોલીસે વડોદરાથી મુકત કરાવી

ભાવનગર,તા.૨૦

ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૪ વર્ષની સગીર બાળકીના અપહરણના કેસમાં પોલીસે ત્વરિત અને સફળ કાર્યવાહી કરી છે. બાળકીના અપહરણના આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. રબારીના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે ત્રણ અલગ-અલગ પોલીસ ટીમોની રચના કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.બી. રાઠોડની ટીમને ચોક્કસ બાતમી તેમજ ટેકનિકલ એનાલિસિસના આધારે મહત્વની કડી મળી હતી કે અપહરણ થયેલી બાળકી વડોદરા જિલ્લાની હદમાં આવેલા એક ગામમાં છે. મળેલી ચોક્કસ હકીકતના આધારે ગારીયાધાર પોલીસની ટીમે વડોદરાના સંબંધિત સ્થળે દરોડો પાડીને અપહરણ થયેલી ૧૪ વર્ષની બાળકીને સકુશળ શોધી કાઢી હતી. આ સાથે જ બાળકીનું અપહરણ કરનાર અને કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકિશોરને પણ પોલીસે ઘટનાસ્થળેથી ડિટેઈન કર્યો છે.

પોલીસે આ મામલે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ ઓપરેશન પાર પાડવામાં ગારીયાધાર પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. રબારી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.બી. રાઠોડ, એ.એસ.આઈ. ભીમભાઈ દેસાઈ તેમજ પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ જોગદિયા અને મહેશસિંહ સરવૈયા સહિતના સ્ટાફે પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી.

**ત્રણ અલગ-અલગ ટીમો બનાવી પોલીસે ઓપરેશન પાર પાડ્યું; કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને કરાયો ડિટેઈન**

# જોગર્સ પાર્ક નજીક એક્ટિવા ચાલકે બાઈકને અડફેટે લીધું

## યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેરના મીણબત્તી સર્કલ પાસે જોગર્સ પાર્ક વિસ્તારમાં ગત ગઈકાલે તા.૧૯ જુલાઈના રોજ સાંજના સુમારે એક અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવકને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

શહેરના અલકા રોડ પર રહેતા સમીર કાદરભાઈ મલેક (ઉ.વ.૨૧) અને તેમનો મિત્ર રિઝવાન કુરેશી પોતાનું બાઈક નંબર જીજે-૦૪-ઈઈ-૩૩૬૬ લઈને નીલમબાગથી હિમાલિયા મોલ તરફ જઈ રહ્યા હતા.આ દરમિયાન, રોંગ સાઈડમાંથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક એક્ટિવા નંબર જીજે-૦૪-ઝન-૧૨૦૨ ચાલકે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને મિત્રો રસ્તા પર પટકાયા હતા. સમીરને સામાન્ય ઈજા પહોંચી હતી, પરંતુ બાઈક ચલાવી રહેલા રિઝવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તે બેભાન થઈ ગયો હતો. અકસ્માત સર્જીને એક્ટિવા ચાલક પોતાનું વાહન મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત રિઝવાનને તાત્કાલિક ખાનગી વાહનમાં સરટી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે સમીર મલેકે ફરાર એક્ટિવા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાંદીપુરા વાયરસથી બાળકનું મૃત્યુઃ વલભીપુરના મેલાણા ગામે શ્રમિક પરિવારમાં કરુણાંતિકા

ભાવનગર,તા.૨૦

ગુજરાતમાં હાહાકાર મચાવી રહેલા ચાંદીપુરા વાયરસે ભાવનગર જિલ્લામાં પણ દસ્તક દીધી છે. જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કારણે પ્રથમ મૃત્યુનો કેસ સામે આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. વલભીપુર તાલુકાના મેલાણા ગામમાં ખેતી મજૂરી કરતા અને મૂળ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારના ૬ વર્ષીય બાળકનું આ વાયરસના કારણે મોત નીપજ્યું છે. આ બાળક ૬ જુલાઈના રોજ જામનગરથી મેલાણા ગામે આવ્યો હતો, જ્યાં તેને તાવ અને ચાલવામાં તકલીફ થતા પ્રથમ વલભીપુરમાં સારવાર અપાઈ હતી.

ત્યારબાદ વધુ સારવાર માટે ૮ જુલાઈએ તેને ભાવનગરની સર ટી. હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરાયો હતો. સર ટી. હોસ્પિટલના બાળ રોગ વિભાગના વડા ડૉ. મેહુલ ગોસાઈના જણાવ્યા અનુસાર, બાળકને અતિ સખત તાવ, ઉલ્ટી અને સતત આંચકી આવતી હોવાથી વેન્ટિલેટર પર સઘન સારવાર અપાઈ હતી. જોકે, સારવારના ૨૩ કલાકમાં જ ૯ જુલાઈએ વહેલી સવારે તેનું મોત થયું હતું. ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલાયેલા બાળકના બ્લડ સેમ્પલના રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસની સત્તાવાર પુષ્ટિ થઈ છે.

જિલ્લા આરોગ્ય અધિકારી કે.એમ. સોલંકીના જણાવ્યા મુજબ, આ ઘટના બાદ મેલાણા ગામમાં તબીબી ટીમો દ્વારા દવાનો છંટકાવ, સર્વેલન્સ અને સઘન આરોગ્ય તપાસ સહિતની નિયંત્રણાત્મક કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા અને પંચમહાલ બાદ હવે ભાવનગરમાં પણ ચાંદીપુરાએ પગપેસારો કરતા સમગ્ર રાજ્યનું આરોગ્ય તંત્ર હાઈ એલર્ટ પર મુકાયું છે.

**જામનગરથી આવેલા મધ્યપ્રદેશના શ્રમિક પરિવારના બાળકનો લેબ રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર એલર્ટ**

## મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા અને રોમાનિયાની ત્રણ દેશોની સત્તાવાર મુલાકાતે કર્યું પ્રસ્થાન

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા ફરી વિદેશ પ્રવાસે

**આ મુલાકાતથી ભારત અને મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા તથા રોમાનિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળવાનો આશાવાદ**







ભાવનગર,તા.૨૦

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા અને રોમાનિયાની ત્રણ દેશોની સત્તાવાર મુલાકાતે રવાના થયા છે. તેમની મુલાકાતના પ્રથમ તબક્કામાં તેઓ મોલ્ડોવા પહોંચશે. તેમની સાથે ભાવનગર બોટાદના સાંસદ અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા પ્રવાસે જોડાયા હતા. આ ઉપરાંત રાજ્યસભાના સાંસદ ડૉ. દિનેશ શર્મા અને લોકસભા સાંસદ વિજય બઘેલ આ ત્રણ દેશના પ્રવાસમાં સાથે જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કેન્દ્રીય મંત્રી નિમુબેનને રાષ્ટપતિ સાથે વિદેશ પ્રવાસની તક સાંપડી હતી.

ભારતના કોઈપણ રાષ્ટ્રપતિની મોલ્ડોવાની આ પ્રથમ ઐતિહાસિક મુલાકાત છે. મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુ મોલ્ડોવાના રાષ્ટ્રપતિ માયા સાંદુ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની દ્વિપક્ષીય ચર્ચા કરશે. તેઓ મોલ્ડોવાની સંસદના અધ્યક્ષ ઈગોર ગ્રોસુ સાથે પણ મુલાકાત કરશે. ઉપરાંત, મોલ્ડોવા-ભારત સંસદીય મૈત્રી સમૂહના સભ્યો સાથે સંવાદ કરશે, બિઝનેસ ફોરમને સંબોધશે તેમજ ત્યાં વસતા ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ મુલાકાત કરશે.

મુલાકાતના બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુ ૨૧થી ૨૨ જુલાઈ દરમિયાન ઉત્તર મેસેડોનિયાની મુલાકાત લેશે. ભારતના કોઈપણ રાષ્ટ્રપતિની ઉત્તર મેસેડોનિયાની પણ આ પ્રથમ મુલાકાત હશે.

ત્રણ દેશોની મુલાકાતના અંતિમ તબક્કામાં રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુ ૨૩થી ૨૫ જુલાઈ દરમિયાન રોમાનિયાની મુલાકાત લેશે. છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમય બાદ ભારતના રાષ્ટ્રપતિની રોમાનિયાની આ પ્રથમ મુલાકાત હશે. મુલાકાત દરમિયાન તેઓ રોમાનિયાના રાષ્ટ્રપતિ, કાર્યકારી વડાપ્રધાન અને સેનેટના અધ્યક્ષ સાથે મુલાકાત કરશે.

આ ત્રણ દેશોની મુલાકાતથી ભારત અને મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા તથા રોમાનિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળશે તેવી અપેક્ષા છે. ખાસ કરીને વેપાર, રોકાણ, ટેક્નોલોજી, નવીનતા, શિક્ષણ અને લોકો વચ્ચેના પરસ્પર સંપર્ક તથા સહયોગને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.